જશે તો) એક અવાજ આપનાર અવાજ આપશે : તમે અહીં જીવીત રહેશો કદાપિ મૃત્યુ પામશો નહિ, તમે હંમેશા જવાન રહેશો ક્યારેય કદાપિ વૃધ્ધ થશો નહિ. તમે હંમેશા તંદુરસ્ત રહેશો, કદાપિ બીમાર થશો નહિ.

(જન્નતકે હસીન મનાઝિર : ૧૭૧/૧૭૨)

જન્નતમાં મૌત હોત, તો ખુશીથી મરી જાત

હદીસ : હઝરત હુમૈદ બિન હિલાલ ફરમાવે છે કે, અમને આ વાત બતાવવામાં આવી છે કે, જ્યારે કોઈ માણસ જન્નતમાં દાખલ થશે, તો એની શકલ જન્નતીઓ જેવી બનાવી દેવામાં આવશે અને તેઓનો પોશાક પહેરાવવામાં આવશે અને તેઓના ઝવેરાત પહેરાવવામાં આવશે અને તેને તેની બીવીઓ અને ખાદિમો બતલાવવામાં આવશે, તો ખુશીથી એવો પાગલ કે મદહોશ થઈ જશે કે જો ત્યારે કોઈને મૌત આવતી હોત તો ખુશીમાં પાગલ થઈ મરી જાત. આ જોઈ તેને કહેવામાં આવશે કે, શું તેં પોતાની આ ખુશીની મદહોશી જોઈ છે ? આ હાલત તારા માટે હંમેશા કાયમ રહેશે (બલકે હજુ વધશે, ક્યારેય ઓછી થશે નહિ).

(જન્નતકે હસીન મનાઝિર : ૧૭૩)

સૌથી શ્રેષ્ઠ દરજ્જો

હદીસ : હઝરત ઉબાદહ બિન સામિત રદિયલ્લાહુ તઆલા અન્હૂથી રિવાયત છે કે, હુઝૂર નબીએ કરીમ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

જન્નતના સો (૧૦૦) દરજ્જા છે, પ્રત્યેક બે દરજ્જાની વચ્ચે આસમાન જમીન જેટલો ફાસ્લો છે, અને ફિરદૌસ એનાથી શ્રેષ્ઠ દરજ્જાની (જન્નત) છે. એની ઉપર અર્શ છે. એમાંથી જ જન્નતની

ચારેય નહેરો નીકળશે, જેથી તમે અલ્લાહથી સવાલ કરો તો એનાથી ફિરદૌસ માંગ્યા કરો.

(જન્નતકે હસીન મનાઝિર : ૨૦૬)

ફિરદૌસ અર્શની કેટલી નજીક છે ?

હદીસ : હઝરત અબૂ ઉમામહ રદિયલ્લાહુ તઆલા અન્હૂથી રિવાયત છે કે, હુઝૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

તમે અલ્લાહ તઆલાથી ફિરદૌસ માંગ્યા કરો, કારણ કે એ જન્નતનો શ્રેષ્ઠ ભાગ છે. એ (ફિરદૌસ)માં રહેનાર જન્નતી અર્શની ચરચરાહટ(નો અવાજ) સાંભળશે.

(જન્નતકે હસીન મનાઝિર : ૨૦૬)

જન્નતના દરજ્જા કઈ ચીજથી બનેલા છે ?

હદીસ : જનાબ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઈરશાદ ફરમાવે છે :

જન્નતના સો (૧૦૦) દરજ્જા છે. એમાંથી પ્રત્યેક બે દરજ્જા વચ્ચેનું અંતર આસમાન અને જમીનના અંતર જેટલું છે. એમાંથી પહેલા દરજ્જાના ઘર, રૂમો, એના દરવાજા, પલંગ અને એનાં તાળાં (સર્વ) ચાંદીના હશે અને બીજા દરજ્જાના ઘર, રૂમો, એના દરવાજા, એના પલંગ અને એનાં તાળાં સોનાના હશે અને ત્રીજા દરજ્જાના ઘર, એના રૂમો, એના દરવાજા એના પલંગ, અને એનાં તાળાં યાકૂત, લુઅ્લુઅ્ અને ઝબર્જદના હશે, અને બાકી સત્તાણું (૯૭) દરજ્જા શેના બનેલા છે એ અલ્લાહ સિવાય કોઈ નથી જાણતું.

(જન્નતકે હસીન મનાઝિર : ૨૦૬/૨૦૭)

દરજ્જા બુલંદ કરાવનાર અમલો

હદીસ : હઝરત અબૂ હુરયૂરહ રદિયલ્લાહુ તઆલા અન્હૂથી રિવાયત છે કે, હુઝૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

શું હું તમને તે આ'માલ ન બતાવું, જેનાથી અલ્લાહ તઆલા ભૂલો માફ કરે છે અને દરજ્જા બુલંદ કરે છે ? સહાબએ કિરામ (રદિયલ્લાહુ અન્હુમ અજમઈન)એ અરજ કરી : યા રસૂલલ્લાહ (સલ.)! કેમ નહિ ? ફરમાવ્યું : ઠંડી અને તકલીફ વખતે વુઝૂ સારી રીતે કરવું, મસ્જિદ સુધી લાંબા રસ્તે ચાલીને જવું, એક નમાઝ પઢી આગલી નમાઝના ઈન્તિઝાર(પ્રતિક્ષા)માં રહેવું, આ (સર્વ) ગુનાહોથી બચવાના મૌકા અને તરીકા છે.

(જન્નતકે હસીન મનાઝિર : ૨૦૭)

હાફિઝે કુર્આનનો જન્નતનો દરજ્જો

હદીસ : હઝરત ઈબ્ને અમ્ર રદિયલ્લાહુ તઆલા અન્હૂ ફરમાવે છે કે, હુઝૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

હાફિઝે કુર્આનને કહેવામાં આવશે : પઢતા જાવ અને (જન્નતના દરજ્જા) ચઢતા જાવ, અને (કુર્આન એવી રીતે) તરતીલથી (થોભી થોભીને) પઢો, જેવી રીતે તમે દુનિયામાં તરતીલથી પઢતા હતા. બેશક, (જન્નતમાં) તમારું સ્થાન એ છેલ્લી આયત પર હશે, જેને તમે પઢશો.

ફાયદો : આ જ કારણે કુર્આનના હાફિઝે કુર્આને પાકને દુનિયામાં ખૂબ યાદ રાખવું જોઈએ અને પોતાની ઔલાદને પણ કુર્આનના હાફિઝ બનાવવી જોઈએ, અલ્લાહ તઆલા ઔલાદના

હિફઝે કુર્આનની બરકતથી તમને પણ જન્નતના શ્રેષ્ઠ દરજ્જા નસીબ ફરમાવશે.

(જન્નતકે હસીન મનાઝિર : ૨૦૭/૨૦૮)

તિલાવત કરનાર ગૈર-હાફિઝના દરજ્જા

હદીસ : હઝરત ફુઝાલહ બિન ઉબૈદ રદિયલ્લાહુ તઆલા અન્હૂ અને તમીમદારી રદિયલ્લાહુ તઆલા અન્હૂથી રિવાયત છે કે, હુઝૂર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : જે માણસ દરરોજ રાત્રે દસ (૧૦) આયતો તિલાવત કરશે, તો તેના માટે એક કિન્તાર (સવાબ) લખવામાં આવશે. અને એક કિન્તાર(નો સવાબ) દુનિયા અને જે કાંઇ એમાં છે એ સૌથી બેહતર છે. જ્યારે કિયામતનો દિવસ હશે ત્યારે તારો રબ ફરમાવશે કે પઢ અને ચઢ, દરેક આયતના બદલામાં એક દરજ્જો છે, ત્યાં સુધી કે તે પોતાની હિફઝ કરેલી છેલ્લી આયત સુધી પહોંચી જશે, તો તારો રબ બંદાને કહેશે કે લે, તો બંદો રબ તઆલાનો હાથ પકડશે અને કહેશે કે યા રબ ! આપ જ સારી રીતે જાણો છો (કે હું શું લઉં), તો અલ્લાહ તઆલા ફરમાવશે : આ હંમેશની જન્નત અને આ (હંમેશની) નેઅ્મતો લે.

(જન્નતકે હસીન મનાઝિર : ૨૦૮)

દરેક આયત જન્નતનો એક દરજ્જો છે

હદીસ : હઝરત ઈબ્ને ઉમર રદિયલ્લાહુ તઆલા અન્હૂ ફરમાવે છે કે : કુર્આને પાકની દરેક આયત જન્નતનો એક દરજ્જો છે અને તમારા (દુન્યવી) ઘરો માટે ચિરાગ (જ્યોત–દીપ) છે. (આ મૌકૂફ હદીસ મરફૂઅ્ના હુકમમાં છે કેમ કે ગૈબ મુદરક બિલ્ કયાસ છે.)

(જન્નતકે હસીન મનાઝિર : ૨૦૯)

આયતોની સંખ્યાથી વધીને કોઈ દરજ્જો નથી

હદીસ : હઝરત આઈશા રદિયલ્લાહુ તઆલા અન્હા ફરમાવે છે કે, હુઝૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું :

જન્નતના દરજ્જાઓની સંખ્યા કુર્આને પાકની આયતોની સંખ્યા બરાબર છે, એથી વધુ નથી.

ફાયદો : અલ્લામહ કુર્તુબી રહમતુલ્લાહિ અલયહ ફરમાવે છે કે, જે માણસે આખું કુર્આને પાક મોઢે યાદ કરી લીધુ –(કંઠસ્થ) કરી લીધું, તો તેણે આખિરતના બધા જ દરજ્જા હાસિલ કરી લીધા અને જેણે એમાંથી થોડું પઢયું તો તે જન્નતના દરજ્જામાં પણ તે મુજબ વધતો રહેશે.

(જન્નતકે હસીન મનાઝિર : ૨૦૯)

બધી જ જન્નતો પર છાંયડો કરનાર ઝાડ

હદીસ : હઝરત અબૂ હુરયૂરહ રદિયલ્લાહુ તઆલા અન્હૂથી ફરમાવે છે કે, જનનતમાં એક ઝાડ એવું છે કે એના છાયડામાં એક સવાર સો (૧૦૦) વર્ષ સુધી ચાલતો રહેશે, અગર તમે ચાહો તો આ પઢી લો :

وَظِلٍّ مَّمْدُوْدٍ ﴿٣٠﴾ (الواقعۃ ۵۶:۳۰)

અર્થ : અને લાંબા લાંબા છાંયડા હશે.

હઝરત અબૂ હુરયૂરહ રદિયલ્લાહુ તઆલા અન્હૂની આ વાત હઝરત કઅબ રદિયલ્લાહુ અન્હૂ સુધી પહોંચી તો ફરમાવ્યું : એમણે સાચું કહ્યું, એ ઝાતની કસમ, જેણે હઝરત મૂસા અલયહિસ્સલામની ઝબાન પર તૌરાત નાઝિલ કરી અને હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ

અલયહિ વ સલ્લમની ઝબાન પર કુર્આન નાઝિલ કર્યુ, જો કોઈ માણસ નવજવાન ઊંટણી અથવા નવજવાન ઊંટ પર સવાર થઈ તે ઝાડની આજુ બાજુ ફરે તો એક ચક્કર પૂરો કરતાં પહેલા ઘરડો થઈને નીચે ગબડી પડે. અલ્લાહ તઆલાએ તે ઝાડ પોતાના હાથે રોપ્યું અને એમાં પોતાના તરફથી રૂહ ફૂંકી, એ ઝાડની ડાળખીઓ જન્નતની ચાર દીવાલોની બહાર ફેલાયેલી છે. જન્નતની દરેક નહેર એ વૃક્ષનાં મૂળમાંથી નીકળે છે.

ફાયદો : હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહુ અન્હૂ

وَّظِلٍّ مَّمۡدُوۡدٍ ۙ﴿۳۰﴾ (الواقعۃ ۵۶:۳۰)

ની તફસીરમાં ફરમાવે છે : જન્નતમાં એક ઝાડ છે, જે એટલા મોટા થડ પર કાયમ છે કે, તેજ રફતાર સવાર એની દરેક બાજુથી સો (૧૦૦) વર્ષ સુધી ચાલી શકે છે. એ ઝાડ પાસે જન્નતીઓ, ગુરફાત (બાલાખાના)વાળા અને બીજા જન્નતીઓ ભેગા થશે અને એકબીજા સાથે વાતો કરશે. ફરમાવ્યું કે તે જન્નતીઓમાંથી અમુક લોકોને કંઈક ઈચ્છા થશે અને તેઓ દુનિયાના ખુશી (ખેલ–તમાશા)ના પ્રસંગોને યાદ કરશે, તો અલ્લાહ તઆલા જન્નતથી એક હવાની લહેર દોડાવશે તો જે કંઈ દુનિયામાં ખુશી (ખેલ–તમાશા)ના પ્રકાર હતા, તે બધા જ પ્રકાર સાથે એ ઝાડ હરકતમાં આવશે.

(જન્નતકે હસીન મનાઝિર : ૪૮૪/૪૮૫)

દરેક ઝાડના થડ સોનાના હશે

હદીસ : હઝરત અબૂ હુરયૂરહ રદિયલ્લાહુ તઆલા અન્હૂ ફરમાવે છે કે, હુઝૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

જન્નતમાં દરેક ઝાડનું થડ સોનાનું છે. (જન્નતકે હસીન મનાઝિર : ૪૮૫)

જન્નતની ખજૂર

હદીસ : હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહુ તઆલા અન્હૂ ફરમાવે છે કે, જન્નતની ખજૂરના થડ ઝમુર્રદના હશે અને ખજૂરના થડની ડાળખીઓ લાલ સોનાની હશે. એની શાખાઓ જન્નતીના બેહતરીન ડ્રેસ હશે, જેમાંથી એમનાં કપડાં અને પોશાક તૈયાર થશે. એનાં ફળ માટલાં અને ડોલ જેવા (મોટાં મોટાં) હશે, દૂધથી વધુ સફેદ, મધથી વધુ મીઠા, કાંપથી વધુ નરમ, એમાં ઠળિયા હશે નહિ.

(જન્નતકે હસીન મનાઝિર : ૪૮૫)

કુર્આનના ખત્મ પર જન્નતના ઝાડનો તોહફો

હદીસ : હઝરત અનસ રદિયલ્લાહુ તઆલા અન્હૂ ફરમાવે છે કે, હુઝૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

કુર્આનના ખત્મ વખતે દુઆ કબૂલ થાય છે અને (ઈનામમાં) જન્નતનું એક અઝીમુશ્શાન ઝાડ આપવામાં આવે છે.

હદીસ : હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ રદિયલ્લાહુ તઆલા અન્હૂ ફરમાવે છે કે, હુઝૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

જે માણસે કુર્આને પાક જોઈને અથવા મોઢે પઢયું તો અલ્લાહતઆલા જન્નતમાં એને એક એવું ઝાડ (ઈનામમાં) આપશે કે જો કોઈ કાગડો એની ડાળખીઓ છોડીને ઊડે તો એનાં પાંદડાંનું અંતર પસાર કરતાં પહેલા ઘરડો થઈ જાય.

ફાયદો : આ ફઝીલત હાફિઝ અને નાઝિરહ પઢનાર બંનેય પ્રકારના લોકો માટે છે. જે કોઈ પણ કુર્આને પાક ખત્મ કરશે એને ઈનામમાં આટલું મોટું ઝાડ આપવામાં આવશે.

(જન્નતકે હસીન મનાઝિર : ૬૫૬)

બુખ્તી ઊંટ જેટલાં મોટાંમોટાં પક્ષીઓ

હદીસ : હઝરત હુઝયફા રદિયલ્લાહુ તઆલા અન્હૂ ફરમાવે છે કે, હુઝૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

જન્નતમાં બુખ્તી ઊંટના બરાબર (મોટાંમોટાં) પક્ષીઓ હશે. હઝરત અબૂ બક્ર રદિયલ્લાહુ તઆલા અન્હૂએ પૂછયું : યા રસૂલલ્લાહ (સલ.)! તો પછી એ (પક્ષીઓ) તો (જન્નતમાં) ખૂબ જ ઐશ અને ખુશીથી રહેશે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો : એનાંથી વધુ ઐશ અને ખુશીમાં તે માણસ રહેશે, જે એને ખાશે અને હે અબૂ બક્ર ! તમે પણ તેઓમાંથી છો, જેઓ એને ખાશે.

હદીસ : હઝરત હસન બસરી (રહમતુલ્લાહિ અલયહ) ફરમાવે છે કે, હુઝૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

જન્નતમાં બુખ્તી ઊંટના બરાબર (મોટાંમોટાં) પક્ષીઓ હશે. જ્યારે તે (પક્ષી) જન્નતીઓ પાસે જશે તો જન્નતીઓ એને ખાશે, પછી તે પક્ષી એવી રીતે ઊડશે જાણે તેમાંથી કંઈ જ ઓછું થયું નથી.

(જન્નતકે હસીન મનાઝિર : ૫૩૩)

૭૦ લઝ્ઝતોવાળું મુલાયમ અને મીઠું ગોશ્ત

હદીસ : હઝરત અબૂ સઈદ ખુદરી રદિયલ્લાહુ તઆલા અન્હૂ ફરમાવે છે કે, હુઝૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

જન્નતમાં એક પક્ષી હશે, જેની ૭૦ પાંખો હશે. તે જન્નતના તબાક (થાળી) પર આવી બેસશે, પછી હલશે તો એની દરેક

પાંખમાંથી બરફથી પણ વધુ સફેદ ખોરાક નિકળશે જે કાંપથી વધુ મુલાયમ અને મધથી વધુ મીઠો હશે. એમાં કોઇ ખાણું એવુ ન હશે, જે બીજી (પાંખવાળા) ખાવાથી મળતું હોય, પછી તે પક્ષી ઊડીને ચાલ્યું જશે.

(જન્નતકે હસીન મનાઝિર : ૫૩૪)

આ પક્ષી ક્યાંનાં હશે ?

હદીસ : હઝરત મુગીસ બિન સુમ્મી (રહમતુલ્લાહિ અલયહ) ફરમાવે છે કે, તૂબા નામી જન્નતમાં એક ઝાડ છે. જન્નતમાં કોઈ મહેલ એવો નથી, જેના પર એ(ઝાડ)ની ડાળખીઓમાંથી કોઈ ડાળખી છાંયડો ન કરતી હોય. એના પર અલગ અલગ પ્રકારનાં ફળ લાગેલાં હશે, જેના પર બુખ્તી ઊંટના બરાબર (મોટાં-મોટાં) પક્ષીઓ બેસે છે. જ્યારે કોઇ માણસ કોઇ પક્ષીનું ગોશ્ત ખાવા ઈચ્છશે તો તેને બોલાવશે, તો તે એના દસ્તરખ્વાન ઉપર આવી પડશે અને તે જન્નતી એના એક તરફથી શેકેલું ગોશ્ત ખાશે અને બીજી બાજુથી રસાવાળું. પછી તે પક્ષી અસલી હાલતમાં આવી ઊડી જશે.

ફાયદો : તિરમિઝી શરીફની હદીસથી સાબિત થાય છે કે, કૌસર નામી નહેર પર પણ પક્ષીઓ હશે, જેનું ગોશ્ત જન્નતીઓ ખાશે.

(જન્નતકે હસીન મનાઝિર : ૫૩૪/૫૩૫)

પક્ષીઓના ચરવાનાં સ્થળ અને ઝરણાં

હદીસ : હઝરત અબુદ્દરદાઅ્ રદિયલ્લાહુ તઆલા અન્હૂથી રિવાયત છે કે, હુઝૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

જન્નતમાં બુખ્તી ઊંટ જેવાં ઊંચા ઊંચા પક્ષીઓ હશે, જે અલ્લાહના વલી–દોસ્તની સામે આવીને બેસી જશે. એમાંથી એક કહેશે : હે અલ્લાહના વલી–દોસ્ત ! હું અર્શની નીચે ખૂબસૂરત જન્નતમાં ચરતો રહ્યો છું અને તસ્નીમનાં ઝરણાંથી પીતો રહ્યો છું. આપ મારાથી ખાવાની શરૂઆત કરો. પછી અલ્લાહના વલી–દોસ્ત સામે (પોતાના) વખાણ કરવામાં લાગી રહેશે, અહીં સુધી કે જન્નતીના દિલમાં તે પક્ષીઓમાંથી કોઇ એકને ખાવાની ઇચ્છા થશે, તો તે પક્ષી જન્નતી સામે અલગ-અલગ સ્વાદ સાથે આવી પડશે અને તે (જન્નતી) પોતાની ઇચ્છા પ્રમાણે ખાશે અને જ્યારે ધરાઇ જશે તો પક્ષીના હાંડકા જમા થઇ જશે અને તે (પક્ષી) ઊડીને જન્નતમાં જ્યાં ચાહશે ત્યાં ચરવા લાગશે. હઝરત ઉમર રદિયલ્લાહુ તઆલા અન્હૂએ અરજ કરી : હે અલ્લાહના નબી ! તે પક્ષી તો ખૂબ મજામાં હશે ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઇરશાદ ફરમાવ્યો : તે પક્ષીને ખાવું એના કરતાં પણ વધારે આરામ અને ખુશી ધરાવે છે. (જન્નતકે હસીન મનાઝિર : ૫૩૫)

ઝંજબીલ અને સલ્સબીલના પક્ષીઓ

હદીસ : હઝરત બક્ર બિન અબ્દુલ્લાહ અલ્ મુઝની રહમતુલ્લાહિ અલયહ ફરમાવે છે કે, મને આ વાત પહોંચી છે કે, કોઇ જન્નતીને જ્યારે ગોશ્ત ખાવાની ઇચ્છા થશે તો એની પાસે એક પક્ષી આવશે અને તેની સામે પડી જશે અને કહેશે : હે અલ્લાહના દોસ્ત ! મેં સલ્સબીલના ઝરણાંથી પીધું છે અને ઝંજબીલથી ચર્યું છે અને અર્શ–કુર્સી પાસે નાઝ–નેઅ્મતથી રહ્યો છું, આપ મને ખાઓ.

(જન્નતકે હસીન મનાઝિર : ૫૩૬)

શેકાઈને પેશ થનાર પક્ષી

હદીસ : હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ રદિયલ્લાહુ તઆલા અન્હૂ ફરમાવે છે કે, હુઝૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

જન્નતમાં તું કોઈ પક્ષી નિહાળીશ અને પછી એની ઈચ્છા થશે તો એ તારી સામે શેકાઈને પેશ થઈ જશે.

ફાયદો : એ પક્ષી એવી હાલતમાં શેકાઈને પેશ થશે કે, ન તો એને ધુમાડો લાગ્યો હશે અને ન તો આગ, જેમકે હઝરત મયમૂના રદિયલ્લાહુ તઆલા અન્હાથી મરફૂઅન્ હઝરત ઈમામ ઈબ્ને અબિદુન્યાએ નકલ કર્યું છે.

(જન્નતકે હસીન મનાઝિર : ૫૩૬)

જન્નતી ગુચ્છો

હદીસ : હઝરત ઈબ્ને મસ્ઊદ રદિયલ્લાહુ તઆલા અન્હૂ શામ (સિરિયા) દેશમાં હતા. ત્યાં (આપના) સાથીઓએ અરસ-પરસ જન્નતનો ઉલ્લેખ કર્યો, તો આપે ફરમાવ્યું : જન્નતનાં ગુચ્છાઓમાંથી એક ગુચ્છો અહીં (શામ દેશથી) લઈ ખીફ્રા (મદીનાની નજીક એક જગ્યા) અથવા સન્આ જેટલો લાંબો છે. (જેમકે ઈબ્ને અબિદુન્યા અને તરગીબમાં છે).

(જન્નતકે હસીન મનાઝિર : ૫૫૭)

જન્નતી ફળની લંબાઈ

હદીસ : હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહુ તઆલા અન્હૂ ફરમાવે છે કે, જન્નતનાં ફળોમાંથી (લગભગ) દરેક ફળની લંબાઈ બાર (૧૨) હાથ છે, જેમાં ઠળિયા નહિ હોય.

(જન્નતકે હસીન મનાઝિર : ૫૫૭)

દાડમ

હદીસ : હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહુ તઆલા અન્હૂ ફરમાવે છે કે, જન્નતનાં દાડમો પૈકી એક દાડમની આજુ બાજુ ઘણાં જન્નતીઓ બેસીને ખાશે. જ્યારે તેઓમાંથી કોઈની સામે કોઈ વસ્તુની વાત થશે જેની તેને ઈચ્છા હશે, તો તે વસ્તુને પોતાના હાથમાં હાજર પામશે, જેમાંથી તે ખાતો હશે.

(જન્નતકે હસીન મનાઝિર : ૫૫૮)

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط

جَزَى اللّٰهُ عَنَّا مُحَمَّدًا مَّا هُوَ اَهْلُهٗ ط

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰۤى اٰلِ مُحَمَّدٍ فِى الْاَوَّلِيْنَ
وَالْاٰخِرِيْنَ وَفِى الْمَلَاِ الْاَعْلٰى اِلٰى يَوْمِ الدِّيْنِ ط

* જન્નતનું બજાર *

મર્દ અને ઔરતના હુસ્નો–જમાલમાં વધારો

હદીસ : હઝરત અનસ રદિયલ્લાહુ તઆલા અન્હૂથી રિવાયત છે કે, હુઝૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

જન્નતમાં એક બજાર હશે. જેમાં કસ્તૂરીની ટેકરીઓ હશે. દરેક જુમ્આના દિવસે બધા જન્નતીઓ ત્યાં જશે અને ઉત્તરની હવા ચાલશે, જે તેઓના ચેહરા અને પોશાકો પર લાગશે તો તેઓ હુસ્નો–જમાલમાં વધી જશે અને પોતાના ઘરવાળાઓ પાસે એ હાલતમાં પાછા ફરશે કે તેઓનો હુસ્નો–જમાલ ખૂબ જ વધી ગયું હશે. એમની પત્નીઓ એમને કહેશે : અલ્લાહની કસમ, અમારી પાછળ તમે હુસ્નો–જમાલમાં ખૂબ જ વધી ગયા છો, તો તેઓ કહેશે અને તમે પણ અલ્લાહની કસમ, અમારા પછી હુસ્નો–જમાલમાં વધી ગયાં છો.

(જન્નતકે હસીન મનાઝિર : ૫૬૨)

જન્નતી પોતાની શકલ બદલશે

હદીસ : હઝરત અલી રદિયલ્લાહુ તઆલા અન્હૂથી રિવાયત છે કે, હુઝૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

જન્નતમાં એક બજાર છે, જેમાં કોઈ ખરીદ-વેચાણ થશે નહિ, પરંતુ મરદો અને ઔરતોંની શકલો (ચેહરાઓ) હશે. જ્યારે કોઈ મરદ કોઈ ચેહરાને પસંદ કરશે તો તે એમાં દાખલ થઈ જશે (અને તે મરદની શકલ એવી જ થઈ જશે) અને ત્યાં જ હૂરે ઈનની

મેહફિલ જામશે, જેઓ એવી ઊંચી અને ખૂબસૂરત અવાજમાં એવાં ગીત ગાશે કે એવાં ગીત મખ્લૂકમાંથી કોઈએ પણ સાંભળ્યાં નહિ હોય, તેઓ કહેશે :

نحن الخالدات فلا نبيد • ونحن الناعمات فلا نباس
ونحن الراضيات فلا نسخط • وطوبى لمن كان لنا وكنا له

અર્થ : અમે હંમેશા જીવીત રહીશું, ક્યારેય મરીશું નહિ. અમે હંમેશા નેઅ્મતોંમાં રહેનાર છીએ, ક્યારેય ખસ્તાહાલ થઈશું નહિ. અમે હંમેશા રાજી રહેનાર છીએ, (પોતાના ખાવિંદોથી) ક્યારેય નારાજ થઈશું નહિ. ખુશખબરી અને મુબારક થાય તેઓને, જે અમારા ખાવિંદ છે અને અમે તેઓની બીવીઓ છીએ.

(જન્નતકે હસીન મનાઝિર : ૫૬૩)

બજારથી આવ્યા પછી શૌહરો અને બીવીઓનાં શરીરની ખુશ્બૂમાં વધારો

હદીસ : હઝરત અનસ બિન માલિક રદિયલ્લાહુ તઆલા અન્હૂ ફરમાવે છે કે, જન્નતી (આપસમાં) કહેશે કે ચાલો, જન્નત તરફ જઈએ. જ્યારે તેઓ ટેકરીઓ પર અથવા પહાડો પર પહોંચશે, પછી પોતાની બીવીઓ પાસે જ્યારે પાછા ફરશે તો (બીવીઓને) કહેશે કે અમે તમારાથી એવી ખુશ્બૂ મહસૂસ કરીએ છીએ જે પહેલાં આવતી ન હતી. જ્યારે અમે તમારી પાસેથી ગયા હતા, તો તેઓ કહેશે કે, તમે પણ એવીજ ખુશ્બૂ સાથે પાછા ફર્યા છો, જે આ પહેલાં આવતી ન હતી, જ્યારે તમે અમારી પાસેથી ગયા હતા.

(જન્નતકે હસીન મનાઝિર : ૫૬૪)

બજારની નેઅ્મતો

હદીસ : હઝરત સઈદ ઈબ્નુલ મુસય્યિબ રહમતુલ્લાહિ અલયહથી રિવાયત છે કે, એમની હઝરત અબૂ હુરય્રહ રદિયલ્લાહુ તઆલા અન્હૂથી મુલાકાત થઈ, તો હઝરત અબૂ હુરય્રહ રદિયલ્લાહુ તઆલા અન્હૂએ ફરમાવ્યું :

અલ્લાહ તઆલા અમને અને તમને જન્નતના બજારમાં પરસ્પર મિલાવી દે, તો હઝરત સઈદ ઈબ્નુલ મુસય્યિબએ અરજ કરી : હે અબૂ હુરય્રહ ! શું જન્નતમાં બજાર પણ હશે ? આપે ફરમાવ્યું : હાં ! મને હુઝૂર રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ બતાવ્યું છે કે, જન્નતમાં એક બજાર હશે, જેને ફરિશ્તાઓએ ઘેરી લીધું હશે. એમાં એવી એવી નેઅ્મતો હશે, જેને ન કોઈ આંખે કદી જોઈ હશે, અને ન કોઈ દિલમાં એનો વિચાર આવ્યો હશે, અને ન કોઈ કાને એનો ઉલ્લેખ સાંભળ્યો હશે, મતલબ કે તે જન્નતીનું દિલ એ બજારમાં જે વસ્તુ લેવા માટે ચાહશે તે લઈ લેશે. તે બજારમાં એક બીજા સાથે મુલાકાત કરશે, અહીં સુધી કે દરેક માણસ એવા માણસ સાથે પણ મુલાકાત કરશે કે જે એનાથી ઉપરના દરજ્જામાં હશે. જ્યારે તે એમનો પોશાક જોશે તો આશ્ચર્યના લઈ એને ગભરામણ થશે. એનું આશ્ચર્ય હજુ ખતમ ન થશે કે તે (અદના જન્નતી)ને પણ એવો જ પોશાક પહેરાવવામાં આવશે અથવા એથી પણ વધુ ખૂબસૂરત પોશાક પહેરાવવામાં આવશે, કેમ કે ત્યાં કોઈ માણસ માટે મુનાસિબ નથી કે તે જન્નતમાં ગમગીન થાય જેમ કે, અલ્લાહ તઆલાએ ઈરશાદ ફરમાવ્યો છે.

ફાયદો : અલ્લાહ તઆલા કુર્આને પાકમાં આ ઈરશાદ ફરમાવે છે કે :

وَقَالُوا الْحَمْدُ لِلّٰهِ الَّذِيْٓ اَذْهَبَ عَنَّا الْحَزَنَ ۭ اِنَّ رَبَّنَا لَغَفُوْرٌ شَكُوْرُۨ ۝۳۴ الَّذِيْٓ اَحَلَّنَا دَارَ الْمُقَامَةِ مِنْ فَضْلِهٖ ۚ لَا يَمَسُّنَا فِيْهَا نَصَبٌ وَّلَا يَمَسُّنَا فِيْهَا لُغُوْبٌ ۝۳۵

(فاطر ۳۵:۳۴-۳۵)

અર્થ : અને (ત્યાં જન્નતમાં દાખલ થઈ) કહેશે કે અલ્લાહનો લાખ લાખ શુક્ર છે, જેણે અમારાથી (હંમેશ માટે) રંજગમ દૂર કર્યા. બેશક, અમારો પરવરદિગાર સૌથી વધુ બખ્શનાર અને સૌથી વધુ કદર કરનાર છે, જેણે અમને હંમેશા રહેનાર એવા મકામ પર લાવી દીધા, જ્યાં અમને ન કોઈ તકલીફ પહોંચશે, ન કોઈ દિલી રંજ પહોંચશે.

(જન્નતકે હસીન મનાઝિર : ૫૬૪/૫૬૫)

દર વખતે નેઅ્મત અને શાનો-શૌકતમાં વધારો

હદીસ : હઝરત હસન રહમતુલ્લાહિ અલયહથી રિવાયત છે કે, હુઝૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

જન્નતમાં એક બજાર છે, જેમાં કસ્તૂરીની ટેકરીઓ છે, જે બરફથી વધુ સફેદ છે. જ્યારે જન્નતીઓ ત્યાં દાખલ થશે તો અલ્લાહ તઆલા એમની ઉપર એક હવા ચલાવશે. એ હવાનું નામ "મયસરા" હશે. જે એમની ઉપર કસ્તૂરીની વર્ષા કરશે, પછી જ્યારે આ લોકો પોતાની બીવીઓ પાસે જશે અને એમની ઉપર પાકીઝા

ખુશ્બૂ અને ચમક-દમકવાળી રંગીનીઓ જોશે (તો તેઓ કહેશે કે) તમે તો આટલી ખૂબસૂરતી સાથે અમારી પાસેથી રવાના ન થયા હતા ? તો તેઓ કહેશે કે, અલ્લાહની કસમ ! તમે પણ અમારી સામે પાકીઝગી અને હુસ્નો—જમાલમાં વધી રહ્યાં છો, પછી અલ્લાહ જલ્લ શાનહૂ તરફથી એક ફરિશ્તો પુકારશે કે, તમે અલ્લાહના બંદા અને દોસ્ત છો, આ જ રીતે તમારા માટે દર વખતે નેઅ્મત અને શાન-શૌકતમાં વધારો થતો રહેશે.

(જન્નતકે હસીન મનાઝિર : ૫૬૫/૫૬૬)

ખાવિંદ—બીવીની પસંદિત શકલો

હદીસ : હઝરત ઉબૈદ બિન ઉમૈર રહમતુલ્લાહિ અલયહથી રિવાયત છે કે, હુઝૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

જન્નતમાં એક બજાર છે, જેમાં જન્નતીઓ માટે ખૂબસૂરત શકલોની મિસાલો બનાવવામાં આવી છે. જન્નતીઓમાંથી જ્યારે કોઈ કોઈક ચેહરાને પસંદ કરશે તો તે એ જ શકલમાં આવી જશે, પછી તે પોતાની બીવી પાસે પાછો ફરશે, જ્યારે તે એને જોશે તો કહેશે : હે અલ્લાહના વલી ! મેં આપને આટલાં વધુ ખૂબસૂરત આજથી પહેલાં કદી નથી જોયા, આપ ક્યાં ગયા હતા? તો એ કહેશેઃ હું અલ્લાહના વલીઓ સાથે જન્નતના બજારમાં હતો. અલ્લાહ તઆલાએ અમારા માટે તે બજારમાં હસીન સૂરતો જમા કરી હતી. અમારામાંથી જે માણસે જે શકલ પસંદ કરી તે (માણસ) એ શકલમાં પરિવર્તિત થઈ ગયો છે—બદલાઈ ગયો છે. મેં પણ એક શકલ પસંદ કરી. જેમાં અત્યારે હું નજરે પડું છું. હે અલ્લાહની વલી! હું કેવો લાગું છું ? તો તે કહેશે : હે અલ્લાહના વલી ! મેં આજે આપથી વધુ હસીન કોઈ વસ્તુ નથી જોઈ, તો તે કહેશે : ખુદાની

કસમ, હે અલ્લાહની વલી ! મેં પણ તારાથી વધુ ખૂબસૂરત કોઈ જોઈ નથી, તો તે કહેશે કે આપના જવા પછી જન્નતના વસ્ત્રોમાંથી કેટલાંક વસ્ત્રો અલ્લાહ તઆલાએ અમારા માટે મોકલ્યાં હતાં અને મને આ સૂરત અતા ફરમાવી, હે અલ્લાહના વલી ! હવે આપને હું કેવી લાગું છું ? તો તે કહેશે : તારાથી વધુ ખૂબસૂરત કોઈ જોઈ નથી.

(જન્નતકે હસીન મનાઝિર : ૫૬૬/૫૬૭)

બજારનો સામાન

હદીસ : હઝરત અબ્દુલ્લાહ બિન અબ્દુલ હકમ રહમતુલ્લાહિ અલયહ બયાન કરે છે કે, હુઝૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

જન્નતમાં એક બજાર છે, જેમાં કોઈ ખરીદ–વેચાણ થશે નહિ. તેમાં વસ્ત્રો હશે, જાડું જાડું રેશમ હશે, બારીક રેશમ હશે, સાદું રેશમ હશે, પાથરણાં હશે, સારામાં સારા ફર્શ હશે, જવેરાત હશે, યાકૂત હશે, લટકતા તાજ હશે, જન્નતી એમાંથી જે દિલ ચાહશે લઈ લેશે, તે છતાં એ બજારમાં કોઈ કમી થશે નહિ, એ બજારમાં સૂરતો હશે જેમકે મરદોની ખૂબસૂરત સૂરતો હોઈ શકે છે, એમાંથી દરેક સૂરતની છાતી પર લખ્યું હશે : "જે માણસની એ ચાહત હોય કે એનું હુસ્ન મારી સૂરત જેવું હોય તો અલ્લાહ તઆલા એની સૂરત મારા હુસ્ન પ્રમાણે બનાવી આપશે" મતલબ કે, જે માણસ એ તમન્ના કરશે કે એના ચેહરાનું હુસ્ન તે સૂરત પ્રમાણે થઈ જાય તો અલ્લાહ તઆલા એને તે સૂરત પ્રમાણે બનાવી દેશે.

(જન્નતકે હસીન મનાઝિર : ૫૬૭/૫૬૮)

બજારનો વેપાર

હદીસ : હઝરત ઈબ્ને ઉમર રદિયલ્લાહુ તઆલા અન્હૂ ફરમાવે છે કે, હુઝૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

જો અલ્લાહ તઆલા જન્નતીઓને તિજારત (વેપાર) કરવાની ઈજાઝત આપે, તો તેઓ રેશમ અને અત્તરની તિજારત (વેપાર) કરશે.

(જન્નતકે હસીન મનાઝિર : ૫૬૯)

અલ્લાહનો દીદાર જન્નતની બધી જ નેઅ્મતોથી વધારે પસંદિત અને પ્રિય હશે

હદીસ : હઝરત સુહૈબ રૂમી રદિયલ્લાહુ તઆલા અન્હૂથી રિવાયત છે કે, હુઝૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

જ્યારે જન્નતીઓ જન્નતમાં દાખલ થઈ જશે, તો અલ્લાહ તઆલા તેમને ઈરશાદ ફરમાવશે : જો તમે કોઈ બીજી નેઅ્મત ચાહતા હો તો અર્પણ કરું ? તો તેઓ અરજ કરશે : શું તમે અમારા ચેહરા બા-રૌનક બનાવ્યા નથી ? શું તમે અમને જન્નતમાં દાખલ કર્યા નથી ? અને શું તમે અમને દોઝખથી નજાત બખ્શી નથી ? હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવે છે કે : પછી અલ્લાહ તઆલા પરદો હટાવશે, તો જન્નતીઓને કોઈ એવી નેઅ્મત ન મળી હશે, જે અલ્લાહ તઆલાના દીદારથી વધુ પસંદિત અને પ્રિય હોય, પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ આ આયત તિલાવત ફરમાવી :

لِلَّذِيْنَ اَحْسَنُوا الْحُسْنٰى وَزِيَادَةٌ ؕ (يونس ١٠:٢٦)

અર્થ : તેઓ જેમણે નેક કામ કર્યાં, એમના માટે જન્નત છે, અને એથી વધુ (અલ્લાહ તઆલાની ઝિયારત) છે.

ફાયદો : અલ્લામા કુર્તુબી (રહ.) ફરમાવે છે કે, મજકૂર હદીસમાં પરદો હટાવવાનો અર્થ એ છે કે, એમની આંખોં સામે તે પરદા દૂર કરવામાં આવશે, જે અલ્લાહ તઆલાની ઝિયારત કરવામાં આડરૂપ બની રહ્યા હશે, અહીં સુધી કે તે (જન્નતીઓ) અલ્લાહ તઆલા શાનુહૂને તેના નૂર, અઝમત અને જલાલ સાથે જોઇ શકશે. એ પરદા મખ્લૂકના પોતાના હશે, અલ્લાહ તઆલાની સામે કોઇ પરદા હશે નહિ.

(જન્નતકે હસીન મનાઝિર : ૫૭૦)

ઝિયારતે ખુદાવંદી મૃત્યુ પછી જ થશે

હદીસ : હઝરત ઉબાદહ બિન સામિત રદિયલ્લાહુ તઆલા અન્હૂ હુઝૂર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી નકલ ફરમાવે છે કે, આપ સલ્લલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ દજ્જાલનો ઉલ્લેખ ફરમાવ્યો, પછી ફરમાવ્યું :

તમે જાણી લો, તમે ત્યાં સુધી પોતાના પરવરદિગારની ઝિયારત કરી શકશો નહિ, જ્યાં સુધી કે તમે વફાત ન પામી લો.

નજીકથી ઝિયારત કરનાર કોણ ?

હદીસ : હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહુ તઆલા અન્હૂથી રિવાયત છે કે, હુઝૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

જન્નતીઓ કપૂરની ટેકરીઓ પર બેસી (પ્રત્યેક જુમ્અહના રોજ) પોતાના રબની ઝિયારત કરશે. તેઓમાં સૌથી વધુ નજીકથી ઝિયારત (કરવા)વાળો તે માણસ હશે, જે જુમ્આના દિવસે (જુમ્આની નમાઝમાં) જલદી જતો હશે અને સવારે જલદી ઊઠતો હશે.

(જન્નતકે હસીન મનાઝિર : ૫૭૫/૫૭૬)

ઊંચા દરજ્જાનો જન્નતી અલ્લાહ તઆલાની સવાર–સાંજ ઝિયારત કરશે

હદીસ : હઝરત ઈબ્ને ઉમર રદિયલ્લાહુ તઆલા અન્હૂ ફરમાવે છે કે, હુઝૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

સૌથી નાના દરજ્જાનો જન્નતી તે હશે, જે પોતાની જન્નતો, બીવીઓ, નેઅ્મતો, ખિદમતગારો અને સિંહાસનોને એક હજાર વર્ષની દૂરી સુધી જોતો હશે અને તેઓમાંથી અલ્લાહ તઆલાના નજીક મોટા મરતબાવાળો માણસ તે હશે, જે અલ્લાહ તઆલાના પવિત્ર ચેહરાની સવાર–સાંજ ઝિયારત કરશે.

પછી હુઝૂરે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ આ આયત તિલાવત ફરમાવી :

وُجُوْهٌ يَّوْمَئِذٍ نَّاضِرَةٌ ﴿٢٢﴾ اِلٰى رَبِّهَا نَاظِرَةٌ ﴿٢٣﴾

(القیامۃ ۷۵:۲۲-۲۳)

અર્થ : તે (દિવસે) કિયામતમાં અને જન્નતમાં ઘણાં ચેહરા તરોતાજા અને ખુશખુશાલ હશે અને પોતાના પરવરદિગારની તરફ જોતા હશે.

(જન્નતકે હસીન મનાઝિર : ૫૭૬)

જન્નતીઓની ભાષા

જન્નતીઓની ભાષા અરબી હશે

હદીસ : હઝરત અનસ બિન માલિક (રદિ.) ફરમાવે છે કે જનાબ સય્યિદે દો આલમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

જન્નતી હઝરાત જન્નતમાં હઝરત આદમ (અલૈ.)ના લાંબા કદ બરાબર અલ્લાહ જલ્લ શાનુહૂના હાથના હિસાબથી ૬૦ હાથના હશે અને એ હઝરત યૂસુફ (અલૈ.) જેવા સુંદર હશે અને હઝરત ઈસા (અલૈ.)ની જેમ ૩૩ વરસના હશે અને હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ભાષા અરબી પર હશે. તેમના શરીર પર ન વાળ હશે ન દાઢી. તેમની આંખોમાં સુરમો અંજાએલો હશે.

નોટ : અલ્લાહ તઆલા તેમની શાન પ્રમાણે તેને કોઈ મહેસૂસ હાથની ઉપમા આપી શકાય નહી. જો હાથથી અલ્લાહ તઆલાની કુદરતની મુરાદ લેવામાં આવે તો કંઈ વાંધો નથી. જેવું કે ઈબ્ને ફોરક (રહ.)એ "યદ" કુદરતનો અર્થ તારવ્યો છે. (તો પછી અર્થ એ થશે કે અલ્લાહ તઆલા પોતાની કુદરતથી અલ્લાહ તઆલાથી જેટલું તેમનું કદ યોગ્ય સમજશે તેમને અતા ફરમાવશે).

ઈમામ ઝોહરી (રહ.) ફરમાવે છે કે જન્નતવાસીઓની ભાષા અરબી હશે.

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી પણ આ પ્રમાણે જ ઉલ્લેખનીય છે.

હદીસ : હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે

જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો :

અરબવાસીઓથી ત્રણ કારણોસર મુહબ્બત રાખો, કેમ કે હું પણ અરબી છું. કુર્આન પણ અરબી ભાષામાં છે અને જન્નતીઓ પણ પરસ્પર અરબી ભાષામાં વાતચીત કરશે.

ફાયદો : અલ્લામા કુર્તબી ફરમાવે છે કે જન્નતીઓ જયારે કબરોમાંથી ઉઠશે ત્યારે તેમની ભાષા સિરયાની હશે અને હઝરત સુફયાન બિન ઉયયના (રહ.) ફરમાવે છે : અમને એમ જાણવા મળ્યું છે કે લોકો કયામતના દિવસે જન્નતમાં દાખલ થતાં પહેલાં સિરયાની ભાષામાં બોલશે અને જયારે જન્નતમાં દાખલ થઈ જશે તો અરબી ભાષામાં વાતચીત કરશે.

આ સિરયાની અને અરબી ભાષા શીખ્યા વિના જ ખૂદ બ ખૂદ આવડી જશે.

મુઅ્મિનની ઔલાદ પોતાના મા-બાપ સાથે હશે

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે અલ્લાહ તઆલા મુસલમાન આદમીની ઔલાદનો દરજ્જો બુલંદ કરીને (તેમને ઉચ્ચ દરજ્જાના જન્નતી આદમીના દરજ્જા સુધી) પહોંચાડી દેશે. જો કે અમલમાં તે જન્નતીથી કમ હશે, જેથી તેમની આંખોને ઠંડક પહોંચી શકે. પછી ઈબ્ને અબ્બાસ (રદિ.)એ આયત તિલાવત ફરમાવી :

وَالَّذِيْنَ اٰمَنُوْا وَاتَّبَعَتْهُمْ ذُرِّيَّتُهُمْ بِاِيْمَانٍ اَلْحَقْنَا بِهِمْ ذُرِّيَّتَهُمْ (الطور ۲۱:۵۲)

તરજુમો : જે લોકો ઈમાન લાવ્યા અને તેમની ઔલાદે પણ ઈમાનમાં તેમનો સાથ આપ્યો (આ આબા મુઅમિનના ઈકરામ

અને તેમને ખુશ કરવા માટે) તેમની ઔલાદને પણ (દરજ્જામાં) તેમની સાથે સામિલ કરી દેશે. (અને આ સામિલ કરવા માટે) અમે તેમને એ (અહલે જન્નત મતબૂઈન)ના અમલમાંથી કોઇ ચીજ ઓછી નહીં કરીએ.

અલ્લાહના રસૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની મુબારક સુન્નતો (સ્વાભાવિક કાર્યો)

(૧) સરકારે દો આલમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ઘણા મોટા સખી હતા. કોઈ માગનારને કયારેય ના નથી પાડી. એ પોતાની પાસે હોય તો તુરત જ આપી દેતા હતા. નહીંતર નમ્રતાપૂર્વક સમજાવી દેતા હતા કે બીજી વાર આવો ત્યારે લઇ જશો. (ઇબ્ને સઅદ)

(૨) આપને જયારે રાતના સમયે બહાર જવાનું થતુ ત્યારે ધીમેથી ઉઠતા. ધીરે રહીને પગરખાં પહેરતા. ધીમેથી બારણું ખોલીને ધીમેથી બહાર ચાલ્યા જતા. એ જ પ્રમાણે ઘરમાં તશરીફ લાવતા ત્યારે ધીમેથી જ આવતા અને ધીમેથી સલામ કરતા કે જેથી સૂતેલાઓને તકલીફ ન થાય અને કોઇની ઊંઘ ખરાબ ન થાય. (ઝાદુલ મઆદ)

(૩) જયારે આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની પાસે કોઈ આવતુ અને આપ તેને ખુશ અને આનંદિત જોતા ત્યારે તેનો હાથ પોતાના હાથમાં લઇ લેતા કે જેથી મુહબ્બત થઈ જાય. (ઝાદુલ મઆદ)

(૪) આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) જયારે કોઇના ઘરે તશરીફ લઇ જતા ત્યારે એટલા ધીમા અવાજથી સલામ કરતા કે જાગતો હોય તો સાંભળી લે અને ઊંઘતો

હોય તો જાગે નહીં. (ઝાદુલ મઆદ)

(૫) આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ જયારે કોઈના નામની જાણ નહોતી અને તેને બોલાવવો હોય તો યા અબ્દુલ્લાહ ! ! અર્થાત (હે અલ્લાહના બંદા !) કહીને સંબોધન કરતા. (ઇબ્નુસ્સુન્ની)

(૬) આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) જયારે ચાલતા ત્યારે જમણી–ડાબી બાજુ દિશામાં જોતા નહોતા. (હાકિમ ઇબ્ને સઅદ)

(૭) આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ત્રણ દિવસ પહેલાં કુર્આન શરીફ પૂરું (ખતમ) કરતા નહોતા. (ઇબ્ને સઅદ)

(૮) આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) જયારે કોઈ નેક કામ શરૂ કરતા તો પછી તેને હંમેશા કરતા રહેતા હતા. (અબૂ દાવૂદ)

(૯) આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) જયારે ઊભા હોય અને ગુસ્સો આવી જતો તો બેસી જતા હતા અને જયારે બેઠેલી હાલતમાં ગુસ્સો આવી જતો ત્યારે સૂઈ જતા હતા (કે જેથી ગુસ્સો ઉતરી જાય). (ઝાદુલ મઆદ, ઇબ્ને અબી દુન્યા)

(૧૦) એક રિવાયતમાં છે કે : ગમ–ચિંતાના સમયે ઘણી વાર આપ દાઢી મુબારક ઉપર હાથ લઈ જતા હતા. કયારેક આંગળીઓ વડે દાઢીમાં ખિલાલ ફરમાવતા હતા અને ઝુબાનથી ફરમાવતા હતા : "હસ્બીયલ્લાહુ વ નેઅ્મલ વકીલ" અર્થાત મારા માટે રબ્બુલ ઇઝ્ઝત કાફી છે અને એ જ કારસાઝ છે (કાર્યને પાર પાડનાર છે). (ઝાદુલ મઆદ)

દુરૂદે ઈબ્રાહીમ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا
صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ
حَمِيْدٌ مَّجِيْدٌ ط اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ
وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ
وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

سُبْحٰنَ رَبِّكَ رَبِّ الْعِزَّةِ عَمَّا يَصِفُوْنَ ﴿۱۸۰﴾ ج
وَسَلٰمٌ عَلَى الْمُرْسَلِيْنَ ﴿۱۸۱﴾ ج وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ
الْعٰلَمِيْنَ ﴿۱۸۲﴾ ع (الصّٰفّٰت ۳۷: ۱۸۰-۱۸۲)

તરજુમો : આપનો પરવરદિગાર જ મહાન ઇજ્જતવાળાં છે તે એવી વાતોથી પવિત્ર (પાક) છે, જેને તેઓ (કાફિરો) બયાન કરે છે અને સર્વે (બધા જ) રસૂલો ઉપર સલામ છે અને સઘળા (બધા જ) વખાણ અલ્લાહ તઆલા માટે જ છે, જે તમામ જગતોનો પાલનહાર છે. (સૂરએ સાફ્ફાત : ૧૮૦ થી ૧૮૨)

●●●

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط

آياتها ٧ | ١ سُوْرَةُ الْفَاتِحَةِ مَكِّيَّةٌ ٥ | ركوعها ١

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ○

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ۙ﴿١﴾ الرَّحْمٰنِ
الرَّحِيْمِ ۙ﴿٢﴾ مٰلِكِ يَوْمِ الدِّيْنِ ؕ﴿٣﴾
اِيَّاكَ نَعْبُدُ وَ اِيَّاكَ نَسْتَعِيْنُ ؕ﴿٤﴾
اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ ۙ﴿٥﴾ صِرَاطَ
الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ ۙ۬ غَيْرِ
ع الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ ﴿٧﴾ ع

آیت الکرسی

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

اَللّٰہُ لَاۤ اِلٰہَ اِلَّا ھُوَ ۚ اَلْحَیُّ الْقَیُّوْمُ ۬ۚ لَا
تَاْخُذُہٗ سِنَۃٌ وَّلَا نَوْمٌ ؕ لَہٗ مَا فِی السَّمٰوٰتِ
وَمَا فِی الْاَرْضِ ؕ مَنْ ذَا الَّذِیْ یَشْفَعُ
عِنْدَہٗۤ اِلَّا بِاِذْنِہٖ ؕ یَعْلَمُ مَا بَیْنَ اَیْدِیْھِمْ
وَمَا خَلْفَھُمْ ۚ وَلَا یُحِیْطُوْنَ بِشَیْءٍ مِّنْ عِلْمِہٖۤ
اِلَّا بِمَا شَآءَ ۚ وَسِعَ کُرْسِیُّہُ السَّمٰوٰتِ
وَالْاَرْضَ ۚ وَلَا یَـُٔوْدُہٗ حِفْظُھُمَا ۚ وَھُوَ
الْعَلِیُّ الْعَظِیْمُ ﴿۲۵۵﴾ (البقرۃ ۲:۲۵۵)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط

شَهِدَ اللّٰهُ اَنَّهٗ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۙ

وَالْمَلٰٓئِكَةُ وَاُولُوا الْعِلْمِ قَآئِمًا بِالْقِسْطِ ط

لَآ اِلٰهَ اِلَّا هُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ط ﴿١٨﴾

(آل عمران ٣:١٨)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ وَجَعَلَ

الظُّلُمٰتِ وَالنُّوْرَ ۵ ثُمَّ الَّذِيْنَ كَفَرُوْا بِرَبِّهِمْ يَعْدِلُوْنَ ﴿١﴾

هُوَ الَّذِيْ خَلَقَكُمْ مِّنْ طِيْنٍ ثُمَّ قَضٰٓى اَجَلًا ط وَاَجَلٌ مُّسَمًّى عِنْدَهٗ

ثُمَّ اَنْتُمْ تَمْتَرُوْنَ ﴿٢﴾ وَهُوَ اللّٰهُ فِى السَّمٰوٰتِ وَفِى الْاَرْضِ ط

يَعْلَمُ سِرَّكُمْ وَجَهْرَكُمْ وَيَعْلَمُ مَا تَكْسِبُوْنَ ﴿٣﴾

(الانعام ٦:٣، پاره ٧)

દુરૂદે ઈબ્રાહીમ

اَللّٰهُمَّ صَلِّ عَلٰی مُحَمَّدٍ وَّعَلٰۤی اٰلِ
مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ عَلٰۤی اِبْرَاهِيْمَ
وَعَلٰۤی اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ
مَّجِيْدٌ ط اَللّٰهُمَّ بَارِكْ عَلٰی مُحَمَّدٍ
وَّعَلٰۤی اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰۤی
اِبْرَاهِيْمَ وَعَلٰۤی اٰلِ اِبْرَاهِيْمَ
اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

سُبْحَانَ اللّٰهِ وَ بِحَمْدِهٖ
سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط

તોહફએ દુન્યા વ આખિરત વિશે

ઉલમાએ કિરામના અભિપ્રાયો

તકરીઝ

અઝ : મવલાના ઝુલફિકાર અહમદ સા. (દા. બ.)
શયખુલ હદીસ : દારુલ ઉલૂમ ફલાહે દારૈન–તડકેશ્વર

ઈન્સાનકી પેદાઈશકા મકસદ કુર્આને પાકમેં ઈબાદતકો કરાર દિયા હૈ ઔર ઈબાદતમેં આ'લા ઈબાદત દુઆ હૈ. મા'લૂમ હૂઆ કે, બંદાકી બંદગી ઔર ઈબાદતકા ઈઝહાર સબસે ઝયાદહ દુઆકે ઝરીયા હોતા હૈ. ચુનાન્ચે બંદા જબ અપને અલ્લાહસે માંગતા હૈ, દુઆ કરતા હૈ ઈસ વકત વહ સરાપા નયાઝ, સરાપા મોહતાજ, સરાપા મિસ્કીન બન કર ગોયા વહ અપને દિલ ઔર આંખકો અલ્લાહકે હુઝૂર નિચોળ કર ખાલી કર દેતે હૈં ઔર અપનેકો ખાલી બતલા કર અલ્લાહકે ફઝલો–કરમકી દુહાઈ દે કર હાજત રવાઈકે લિએ અપને પ્યારે અલ્લાહકો અપની તરફ મુતવજ્જહ હોને, હાજતરવાઈ કરને ઔર તમામ મસાઈબ વ મુશ્કિલાત, શયતાની ખતરાત ઔર નફસકે મકાઈદસે મહફૂઝ રખનેકી

ભીક માંગતા હૈ ઔર સિર્ફ અલ્લાહકી ઝાત હી કો મોહતાજ– એલિયા ઔર સર ચશ્મએ ખૈર હૈ. અલ્લાહકો અપને બંદેકી યહ અદા ઈતની પ્યારી લગતી હૈ ઔર ભા જાતી હૈ કે ઉસકી માંગી હૂઈ મુરાદ યા ઉસકા અચ્છા બદલ દુન્યામેં યા ફિર આખિરતમેં દેનેકા ફેસલા ફરમા દેતા હૈ.

દુઆ જબ ઈબાદત હૈ તો ફિર ઓર ઈબાદતકી તરહ દુઆકે ભી આદાબ, અલ્ફાઝ ઔર તરીકે હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)સે હી સીખના પળેંગે.

ચુનાન્ચે આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)કી દુઆએં હમારે લિએ એક ઐસા નમૂના હૈ કે ઈનસે અચ્છી દુઆએં ઝિંદગીકે હર મોડ ઔર હર ઝરૂરતકે મોકા'કે લિએ હો હી નહી સકતી. નીઝ આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)કી ઈન દુઆઓંકી યહ ખુસૂસિય્યત ભી હૈ કે આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)કે ફરમુદાત ઔર હિદાયાતકા બહુત બડા ઝખીરહ રિવાયત બિલ મુઅ્નીકે તૌર પર રિવાયત હૂવા હૈ, મગર આપકી દુઆઓંકા પૂરા ઝખીરહ (રિવાયત બિલ લફ્ઝ)કે તૌર પર મહફૂઝ હૈ ઔર ઝાહિર હૈ કે રિવાયત બિલ મુઅ્નીકે મુકાબલેમેં રિવાયત બિલ લફ્ઝકા દરજા બળ્હા હૂઆ હૈ તો યહ મસ્નૂન દુઆએં દુઆઓંકે વહ અલ્ફાઝ હૈં જો બિઅયનિહી હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)કી ઝબાને ઈઝહારસે નીકલે હૂએ હૈં. ઈનમેં રાવીકે અપને અલ્ફાઝકા કોઈ દખલ નહીં હૈ, તો આપકી ઝબાને મુકદ્દસસે નીકલે હૂએ કલિમાત કિતને પાકીઝહ હોંગે, વહ આપ ખુદ અંદાઝા લગા સકતે હૈં.

ઉમ્મતકે બળે મુહસિન હૈં વહ હઝરાત જિન્હોંને લાખોં અહાદીસે તય્યિબહકે ઝખીરહમેંસે હર મૌકાકે લિએ આપ

(સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)કી દુઆએં જમા' ફરમા કર ઉમ્મત તક પહુંચા દી હૈ.

નીઝ કુર્આને પાકકી સૂરતોં ઔર આયાતકે ફઝાઈલ, અહાદીસકે ફઝાઈલે આ'માલસે મુતઅલ્લિક–એ ઝખીરહ ઈસ્મે આ'ઝમ ઔર ઉસકી ફઝીલત, દુરૂદે પાકકે ફઝાઈલ ઔર મુતઅદદ દુરૂદ શરીફકે કલિમાત મુખ્તલિફ મવાકિઅકે લિએ આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)કી સુન્નતેં, બેશુમાર સવાબવાલે કલિમાત, આયાત, અહાદીસ, સુન્નતેં ઔર દુઆએં ઔર દુરૂદ શરીફ પર મુસ્તમિલ એક અઝીમુશ્શાન ઝખીરહ યકઝા તૌર પર "તોહફ–એ દુન્યા વ આખિરત" નામકી કિતાબમેં જમા' કિયા ગયા હૈ. યહ કિતાબ દારુલ ઉલૂમ કંથારીઆકે શો'બ–એ નશ્રો–ઈશાઅતસે શાઈઅ કી ગઈ હૈ.

વહ હઝરાત જો અલ્લાહકે ફઝલસે ખુશ અવકાત ઔર મા'લૂમાતકે પાબંદ ઔર ફઝાઈલે આ'માલકે મુશ્તાક હૈં ઉનકે લિએ યહ કિતાબ એક બેસ કિમત ઝખીરહ હૈ. ઈસસે ભરપૂર ફાઈદા ઉઠા સકતે હૈં, ઈસ્તિફાદહ કરનેવાલે હઝરાતસે મુરત્તિબીન કિતાબ ઔર શાઈઅ કરનેવાલે હઝરાતકે લિએ દુઆકી દરખ્વાસ્ત હૈ. ઉમ્મીદ હૈ કે ફરામોશ ન ફરમાએંગે.

(મવલાના) ઝુલફિકાર અહમદ સા. (દા. બ.)
શયખુલ હદીસ : દારુલ ઉલૂમ ફલાહે દારૈન–તડકેશ્વર

(મવ.) મુહમ્મદ રફીક પઠાણ સા. (દા. બ.)
શયખુલ હદીસ : દારુલ ઉલૂમ બરોડા, તાંદલજા

તા. ૧૬–૦૨–૨૦૧૦

બિસ્મિહી તઆલા

અલ્લાહપાકનો એહસાન છે કે, આ ફિત્નાના જમાનામાં એવા આલિમો અને ઈદારા કાયમ થયા કે ઈસ્લામી વાતો અને ઈમાનની વાતો તકરીરથી અથવા તહરીરથી દુનિયામાં રહેલા લોકો સુધી પહોંચાડે છે અને આ ખિદમત આપી અલ્લાહના પ્યારા રસૂલ હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની દુઆ લઈ રહયા છે.

અરબીનું ભાષાંતર :

"અલ્લાહ પાક મારા ઉમ્મતીને તરોતાઝહ રાખે, જેણે મારી એક વાત સાંભળીને યાદ રાખી અને બીજા લોકો સુધી પહોંચાડી જેવી રીતે સાંભળી હશે."

મને ખુશી છે કે, અમારો પ્યારો ઈદારો દારુલ ઉલૂમ કંથારીઆ, તા. જિ. ભરૂચના મા–તહત "તોહફ–એ દુન્યા વ આખિરત" કિતાબને શાઈઅ–પ્રકાશિત કરી. એ કિતાબમાં દીનની જરૂરી વાતો જેણે વાંચીને મારું દિલ ખુશ થઈ ગયું. ખરેખર, ઘણી કિમતી વાતો છે. અલ્લાહ પાક આ ખિદમતને કબૂલ ફરમાવે અને બન્નેવ જહાંનમાં જઝાએ ખૈર અતા ફરમાવે, આમીન.

લિ. (મવ.) મુહમ્મદ રફીક પઠાણ સા. (દા. બ.)
ઉસ્તાદે હદીસ શરીફ, દારુલ ઉલૂમ બરોડા, તાંદલજા

(મવ.) મુહમ્મદ બોઢાણીયા સા. (દા. બ.)
ઈમામ : મસ્જિદ દારુસ્સલામ, ટોરન્ટો-કેનેડા

તા. ૧૬-૦૨-૨૦૧૦

હમ્દો સલામ,

પછી દારુલ ઉલૂમ કંથારીઆ (ભરૂચ) જેનાથી હજારોએ ફાયદો ઉઠાવ્યો, ઘણા આલિમો, હાફિઝો, કારીઓ અને મુફતીઓ પેદા કર્યા, જેમનાથી મખ્લૂકને ઘણો ફૈઝ પહોંચી રહયો છે. અલ્લાહ તઆલા હજુ વધુ લોકોને ફૈઝ પહોંચાડે અને દારુલ ઉલૂમને દીન દુગ્ની રાત ચુગ્ની તરક્કી આપે. મોહતમિમ કાર્યકર્તાઓ તેમજ હમદર્દોને જઝાએ ખૈર આપે. આમીન.

દારુલ ઉલૂમ કંથારીઆમાં અનેક તબ્લીગી કિતાબો પ્રગટ થાય છે, જેનાથી પણ ઘણાને ફૈઝ પહોંચે છે. દીની પ્રકાશન તરફથી પ્રગટ થયેલી કિતાબ "તોહફ-એ દુન્યા વ આખિરત" ખરેખર લાજવાબ છે, જેમાં ઘણી મુફીદ દુઆઓ, વઝીફાઓ તેમજ દુરૂદ શરીફો છે જેના પર અમલ કરવાથી દીન-આખિરત સુધરી શકે છે. ઘણી લાભદાયક કિતાબ છે. અલ્લાહ પાક ખિદમતને કબૂલ કરે. આમીન.

લિ. **(મવ.) મુહમ્મદ બોઢાણીયા સા. (દા. બ.)**

ઈમામ : મસ્જિદ દારુસ્સલામ
ટોરન્ટો-કેનેડા

(મવ.) મુહમ્મદ ફૈયાઝુદ્દીન હાજી (લાતૂરી) સા.

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ.

અલ્હમ્દુ લિલ્લાહી અલા નુઅમાઈહી વશ્શુક્રુ અલા ઈહ્‌સાનિહી.

''તોહફ-એ દુન્યા વ આખિરત'' જો દારુલ ઉલૂમ કંથારીઆસે શાઈઅ હૂઈ હૈ, બડી અજીબો-ગરીબ કિતાબ હૈ. હર પઢનેવાલા આદમી યહ મહસૂસ કરતા હૈ કે મુઝે જિસ ચીઝકી જરૂરત થી, આજ ઈસ કિતાબમેં મિલ ગઈ.

ઈસ કિતાબસે અવામ વ ખવાસ દોનોં બેનિયાઝ નહી હો સકતે, જિસમેં રોઝમર્રહકી જરૂરિયાત ઔર આખિરતકી તય્યારીકે દિલચસ્પ વાકિઆત ઔર હમારે અકાબિરીનકે તજરબાત ઔર ફવાઈદે અસ્માએ ઈલાહી વ ફવાઈદે દુરૂદ શરીફ ઔર હર કિમતી તોહફા ઈસ નુસ્ખોંમેં મવજૂદ હૈ. ઈસ નુસ્ખેમેં એક કશિશ હૈ, જો હર પઢનેવાલેકો અપની તરફ પૂરે તૌર પર માઈલ કરતી હૈ ઔર અમલ કરને પર મજબૂર કરતી હૈ. દારુલ ઉલૂમ કંથારીઆકે ભી તહે દિલસે મશકૂર હૈં કે હર વકત ઉમ્મતે મુસ્લિમહકે અહમ તકાઝાકો પૂરા કરનેકી ઈદારેકી જાનિબસે પૂરી પૂરી સઈ કી જાતી હૈ.

અલ્લાહ તબારક વ તઆલાસે દુઆગો હૂં કે શર્ફે કબૂલિય્યતસે નવાઝે ઔર હર તરહકી તરક્કીયાતસે માલામાલ ફરમાએ, આમીન.

અહકર : (મવલાના) મુહમ્મદ ફૈયાઝુદ્દીન હાજી (લાતૂરી) સા. (દા. બ.)

પ્રમુખ : જમીઅતે ઉલમાએ હિન્દ, સુરત શહેર

(મવ.) ગુલામ રસુલ ગોધરવી સા. (દા. બ.)

શયખુલ હદીસ : જામિઅહ ઈસ્લામિય્યહ-આણંદ

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ.

નહમદુહુ વ નુસલ્લી અલા રસૂલિહીલ કરીમ....

''તોહફ-એ દુન્યા વ આખિરત'' એઅતિકાદના સંપૂર્ણ મસાઈલના નવા સુધારા સહિત, નામની દળદાર કિતાબ અમારા એક પ્રમાણિક મિત્ર મૌલાના સઈદ નુરગત સાહબ (ઝી. મ.)ના દ્વારા નાચીઝના હાથમાં આવી. તા'લીમી કિતાબોને પૂર્ણ કરવામાં વ્યસ્ત હોવાને કારણે સંપૂર્ણ કિતાબનું વાંચન ન કરી શકવા બદલ દિલગીર છું, પરંતુ વિવિધ પૃષ્ઠોનું ધ્યાનપૂર્વક પઠન કર્યું. ખરેખર, વિવિધ વિષયોને જોડતી **''તોહફ-એ દુન્યા વ આખિરત''** નામી કિતાબ આખિરતની તૈયારી કરવા માટે કિમતી ખજાનો ધરાવે છે અને નામ તેવા જ ગુણ તેમાં સમાયેલા છે.

લેખક સાહેબે ઘણા કષ્ટો વેઠીને, વિઘ્નો ઓળંગીને પોતાનું નામ જાહેર કર્યા વગર "આખિરતની તૈયારી" કરવા માટે ઉમ્મતના હાથમાં આ કિતાબ અર્પણ કરેલી છે–સંપાદિત કરી છે. અલ્લાહ તઆલાથી દુઆ છે કે, આમ અને ખાસ તમામ લોકો માટે ફાયદાકારક બનાવે અને હઝરત લેખક (દા. બ.)ને

ખાસ કરીને આ કિતાબને છપાવવા પાછળ સંકળાયેલા તમામ નેક બંદાને પોતાની શાયાને શાન દુનિયા અને આખિરતમાં બદલો અર્પણ કરે તથા દરેકને આ કિતાબથી ફાયદો ઉઠાવીને આખિરતની તૈયારી કરવાની હિદાયત આપે. આમીન, યા રબ્બલ આલમીન !

વમા તવફીકી ઈલ્લા બિલ્લાહ.

ફકત વસ્સલામ,

(મવ.) ગુલામ રસુલ ગોધરવી સા. (દા. બ.)

શયખુલ હદીસ : જામિઅહ ઈસ્લામિય્યહ–આણંદ

૧૬ જમાદિઉસ્સાની ૧૪૩૦ મુતાબિક

૧૦–૦૬–૨૦૦૯

(મુફતી) મુ. ફારૂક બરોડવી સા. (દા. બ.)

ઉસ્તાદે હદીસ : જામિઅહ અક્કલકુવા

નહમદુહુ વ નુસલ્લી અલા રસૂલિહીલ કરીમ....

અમ્મા બા'દ !

અલ્લાહ તઆલા ફરમાવે છે કે, "અય ઈમાનવાળાઓ ! અલ્લાહનો ખૌફ પેદા કરો અને દરેક માણસે વિચારવું જોઈએ કે, તેણે આવતી કાલ એટલે કે આખિરત માટે શું ભાથું તૈયાર કરેલ છે." *(સૂરએ હશ્ર, પારહ : ૨૮)*

''તોહફ-એ દુન્યા વ આખિરત'' કિતાબ નિઃશંકપણે મુસ્લિમ કૌમ માટે મહામૂલી ભેટ છે અને સૌથી મોટો તોહફો જ એ હોય કે જે આખિરતમાં કામ આવે. આ કિતાબમાં આપણા પૂર્વજ મુહદ્દિસીનની ઢબે દીન–દુનિયાના બધા જ જરૂરી વિષયો આવરી લેવામાં આવ્યા છે. એમાં જ્યાં અકાઈદની પુખ્તગીની સચોટ ચોખવટ છે ત્યાં જ આ'માલ, ફઝાઈલ અને અવરાદ, વઝાઈફનું પણ સવિસ્તાર વર્ણન છે, જેથી વિના સંકોચ કહી શકાય કે, ગુજરાતી ભાષામાં આ પહેલો મહા સંગ્રહ છે. એની મકબૂલિય્યત એ છે કે, દરેક મુસ્લિમે આ કિતાબ પોતાના જીવનમાં વસાવવા લાયક છે.

અલ્લાહ તઆલા છાપનાર–છપાવનાર દરેકને દુનિયા–આખિરતના અઝીમ તોહફાઓથી નવાઝી કબૂલ ફરમાવે, આમીન.

(મુફતી) મુ. ફારૂક બરોડવી "ફલાહી" સા. (દા. બ.)

ઉસ્તાદે હદીસ : જામિઅહ અક્કલકુવા

૨૭ જમા. આખર ૧૪૩૦ હિજરી

(મવ.) સઈદ કારી નુરગત "ફલાહી"
ખાદિમ : જામિઅહ અરબિય્યહ દારુલ ઉલૂમ, આણંદ

નહમદૂહુ વ નુસલ્લી અલા રસૂલિહિલ કરીમ....

અમ્મા બા'દ,

''**તોહફએ દુન્યા વ આખિરત**'' જેનો ભાવાર્થ થાય છે : આલોક અને પરલોકની ભેટ. ભાગ : ૧–૨, જે ૯૫૦ પૃષ્ઠોમાં ફેલાયેલ છે. ખરેખર, પોતાના નામ અનુસાર મહામૂલી અને અતિ લાભદાયક છે.

મજકૂર કિતાબમાં જે જે વિષયોને આવરી લેવામાં આવ્યા છે એ આપણી આંતરિક (બાતિની) શુદ્ધિ અને બાહ્ય (જિસ્માની) શુદ્ધિ બન્ને માટે અતિ ઉપયોગી છે.

એક મુઅમિન માટે આખરી–અંતિમ મંઝિલ અલ્લાહ તઆલના વાયદા અનુસાર અને આકાએ નામદાર, તાજદારે મદીના, ફખ્રે દો–આલમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના પાક અને અટલ ઈરશાદ મુજબ સાચા મુઅમિનની મંઝિલ જન્નત છે. જે જન્નત માટે ઈરશાદ છે કે, ''આંખોએ જેની કલ્પના–તસવ્વુર પણ કર્યો ન હશે અને કાનોએ કદી સાંભળ્યું પણ ન હશે, એવી જન્નતનો વિસ્તૃત ઉલ્લેખ છે કે, જેનાથી આપણા જેવા કમજોર મુઅમિનને એને પામવાની જિજ્ઞાસા પેદા થાય અને જેના વાંચન પછી જન્નતી કાર્યો કરવાની લાલસા પણ પેદા થાય. રબ્બે કરીમ તૌફીક બખ્શો. તૌફીક અરઝાની અતા કરો.

હદીસ શરીફની દુઆમાં એક દુઆ જન્નતના તલબની દુઆ પણ છે, જે આપણા જેવા કમજોર આ'માલના વ્યકિતઓએ રોજ પૂરા યકીન સાથે માંગવી જોઈએ. **અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલુકલ જન્નહ, વ અઉઝુબિ-ક મિનન્નાર.''**

આ કિતાબમાં નેક અને સાચા મુઅમિન બનવાની અને એ માર્ગ પર ચાલવાના કુર્આન અને હદીસના નુસખા છે. અગર ખરેખર, આપણે એવા બની જઈએ તો આ ક્ષણભંગુર અને ફાની દુનિયાને માટે બિલકુલ નિરર્થક બની રહે.

કુર્આને કરીમમાં અનેક જગ્યાએ ઈરશાદ છે કે,

''આ દુનિયા ખેલ–તમાશાથી વધુ કંઈ નથી. અસલ જિંદગી આખિરતની જિંદગી છે.'' અને આ હકીકત જયારે આપણા દિલોમાં ઘર કરશે–ઉતરશે ત્યારે મૌત આસાન થઈ જાય છે. જેના માટે હકીમુલ ઉમ્મત શાઈરે મશ્રિકે પોતાના શેરોમાં કહયું કે,

''નિશાને મર્દે મુઅમિન બા તૂ ગોયમ,
ચું મર્ગ આયદ તબસ્સુમ બર લબે ઉસ્ત.''

દુઆ છે કે આ કિતાબના વાંચન પછી આપણને પણ આવા મર્દે મુઅમિન બનવાની તૌફીક નસીબ થાય એ કાશ.

''તોહફ-એ દુન્યા વ આખિરત''માં આવી જિંદગી બનાવવાનો અણમોલ ખઝાનો છે. દરેકે આજના આધુનિક દૌર–યુગની વ્યસ્ત ક્ષણોમાંથી થોડો સમય આખિરત માટે પણ ફાળવવો જ જોઈએ.

—"તોહફએ દુન્યા વ આખિરત"માં આધુનિક મસાઈલનું વર્ણન પણ છે, જે આપણું માર્ગદર્શન કરે છે.

—એક મર્હૂમ આલિમના કથન મુજબ આજના દૌરમાં આપણે રૂહાની અને જિસ્માની નિતનવી ઉલ્ઝનો અને પરેશાનીઓથી ત્રસ્ત છીએ, ન સાંભળેલી બીમારીઓથી ત્રાહિમામ અને હેરાન છીએ અને આ રૂહાની–જિસ્માની રોગ વ્યાપક અને આમ છે, જેના છુટકારા માટે કદી કદી આપણે શિર્કે ખફી, બલકે શિર્કે અકબર સુધી પહોંચી જઈએ છીએ. તઅવીઝગંડાવાળા બાપુઓ–સાધુઓ એનો લાભ ઉઠાવી લીલાલહેર કરે છે. નજરે જોવામાં આવ્યું છે કે, એક નિષ્ણાત ડોકટર–તબીબને ત્યાં જેટલી ભીડ નથી થતી, આ તઅવીઝગંડા વાળાને ત્યાં મેળા જેવી ભીડ લાગે છે. નંબર લખાવવામાં પડાપડી થાય છે. લોકો નંબર આવવાની તપસ્યા કરે છે. આવા બાપુઓએ કરોડોની સંપત્તિ ભેગી કરી લીધી છે.

આવા બાપુઓથી છુટકારો મેળવવા માટે પણ "તોહફએ દુન્યા વ આખિરત"માં અનેક રૂહાની ઈલાજ બતાવવામાં આવ્યા છે. અનેક જિસ્માની બીમારીઓથી શિફા મેળવવા અતિ કિંમતી કુર્આની–હદીસી નુસખા છે. કાશ, આપણે અરબી કિતાબના વાંચનનો મા'મૂલ બનાવી, એનો સદઉપયોગ કરી લાભાન્વિત થઈએ.

વાત ઘણી લાંબી થઈ ગઈ. સારાંશ એ જ છે કે, "તોહફએ દુન્યા વ આખિરત" એક અતિ કિંમતી–મહામૂલી કિતાબ છે. અણમોલ ખઝાનો છે, જેમાંથી આપણે સૌએ ફાયદો

ઉઠાવવાની જરૂરત છે.

અંતમાં આવી દળદાર કિતાબ છપાવનાર સાહિબે ખૈરને અલ્લાહ તઆલા દીન–દુનિયાની ભલાઈઓથી નવાઝે, આખિરતમાં નજાતનો ઝરીયો બનાવે, સંપાદક સાહેબને પણ બેહતરીન–ઉત્તમ બદલો આપો, એવી દિલી દુઆ. આમીન, યા રબ્બલ આલમીન !

ખાકસાર–હેચ મર્દા

(મવ.) સઈદ કારી મુહમ્મદ નુરગત
"ફલાહી" (સા. દા. બ.)
ખાદિમ : જામિઅહ અરબિય્યહ દારુલ ઉલૂમ, આણંદ

૩–સફરુલ મઝફ્ફર–૧૪૩૧ હિ.

મુફક્કિરે મિલ્લત, કાઈદે ઉલમા [redacted]
(મવ.) અબ્દુલ્લાહ [redacted] કાપોદ્રવી સા. (દા. બ.)

બિસ્મિહી સુબ્હાનહુ વ તઆલા

દારુલ ઉલૂમ અરબિય્યહ ઈસ્લામિય્યહ ભરૂચ, મુ. પો. કંથારીઆ ગુજરાતની મશહૂર અને ઘણી પ્રખ્યાત દીની દર્સગાહ છે. ત્યાં ઉર્દૂ, ફારસી, અરબી ભાષાઓ તથા ઈસ્લામી ઉલૂમની તાલીમ તથા તરબિયતનું કામ ઘણી સારી રીતે થઈ રહયું છે.

સાથે સાથે નાના ગામોમાં મકાતિબનું અગત્યનું કામ પણ વિશાળ પાયે ઉપાડવામાં આવ્યું છે અને દારુલ ઉલૂમના પ્રકાશન વિભાગે અજોડ સેવાનું કામ ઉપાડયું છે.

આજ સુધી ૫૦૦ પ્રકાશનો બહાર પાડી ગુર્જર મુસ્લિમો માટે દીની સાહિત્યની મહામૂલી સેવા બજાવી છે. અલ્લાહ તઆલા આ સર્વ સેવાઓને કબૂલ ફરમાવી બેહતરીન બદલો અતા ફરમાવે, આમીન !

હમણા મારી સામે **''તોહફ-એ દુન્યા વ આખિરત''** નામી એક ઉમદા અને અણમોલ પુસ્તક છે, જેમાં દુરૂદ શરીફ, સૂરતો, અસ્માએ હુસ્ના તથા રાત-દિવસની નબવી દુઆઓ વગેરે સુંદર અરબી, ગુજરાતી છપાઈ સાથે બહાર પાડવામાં આવી છે.

આ મહામૂલી કિતાબ દરેક મુસ્લિમ ઘરમાં પહોંચવી જોઈએ. આ પ્રકારની કિતાબોના પઠનથી ઈમાનમાં તાઝગી

પેદા થાય છે, અલ્લાહ તઆલા સાથે સંબંધ મજબૂત બને છે તથા આખિરતનું ધ્યાન મજબૂત થાય છે. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની મુહબ્બત વધે છે, તવહીદ, રિસાલત અને આખિરતનું યકીન દુનિયા–આખિરતની સફળતાની ચાવી છે.

અલ્લાહ તઆલા કિતાબના સંપાદક, પ્રકાશક તથા એમાં મદદ કરનારાઓને ભરપૂર બદલો અતા ફરમાવે અને ઉમ્મતના દરેક વ્યક્તિઓને આવી કિતાબોથી લાભ ઉઠાવવાની તૌફિક અતા ફરમાવે.

ફકત વસ્સલામ,

લિ. (મવલાના) અબ્દુલ્લાહ કાપોદ્રવી સા. (દા. બ.)

(રઈસ : દારુલ ઉલૂમ ફલાહે દારૈન, તડકેશ્વર)

(મવ.) મુફ્તી મહમૂદ હાફેઝજી સા. (દા. બ.)
ઉસ્તાદે હદીસ :જામિઅહ ઈસ્લામિય્યહ તઅલીમુદ્દીન, ડાભેલ

બિસ્મિહી સુબ્હાનહુ વ તઆલા

દરેક પ્રકારની તા'રીફ–હમ્દ અલ્લાહ તઆલા માટે જ છે, જેટલી સંખ્યામાં ઝાડ પર પાંદડા છે અને રેતીના કાંકરા છે તેટલી સંખ્યામાં દુરૂદ–સલાત–સલામ આપણા નબી હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર હર ઘડી કિયામત સુધી ઉતરતા રહે. આમીન.

(૧) આજના જમાનામાં ઈન્સાન ઘણો જ મશગૂલ દેખાય છે, દીનથી દૂર દેખાય છે, દુનિયામાં વ્યસ્ત દેખાય છે. આવા સમયમાં થોડું કરીને વધારે કમાવવાની લાલચ છે. તેવા સંજોગોમાં થોડી મિનિટોમાં અમુક વઝીફાઓ પઢી લાંબો અને ઘણો સવાબ પ્રાપ્ત થઈ શકે તેવી વાતો આ કિતાબ ''આખિરતનો તોહફો''માં છે.

(૨) પ્રકાર પ્રકારના ફિત્નાઓ, તકલીફો તથા મુસીબતો જોવામાં આવી રહી છે. બીમારીઓથી લોકો પરેશાન છે. એવા સમયે આવી કિતાબ રહમત છે, જેના પઢવાથી મુસીબતો તથા બલાઓથી અલ્લાહ હિફાઝતમાં રાખે છે, ઈન્શા અલ્લાહ.

(૩) રોઝી–રોટીનો મસ્અલો લોકોને સતાવી રહયો છે, ચેન–સુકૂન અને રાહતની શોધખોળ થઈ રહી છે. આવા મોકા પર આ કિતાબ પઢવાથી આસાન રોઝી અને દરેક રહમત–બરકત ઈન્શાઅલ્લાહ હાસિલ થશે.

(૪) જાદૂ–જિન્નાતનું જોર વધી રહયું છે. હુઝૂર રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના મુબારક જમાનાથી પહેલાં જે વાતાવરણ દુનિયામાં હતું, કંઈક તેવું જ થઈ રહયું હોય એવું લાગે છે અને બાપુઓ પાસે જવાથી બાપુના ખિસ્સા ગરમ અને પરેશાન માણસની પરેશાનીમાં વધારો જોવા મળે છે, જેથી આ કિતાબ પઢવાથી જાદુ, જીન્નાતની બલાઓ મફતમાં દૂર થઈ જશે, ઈન્શા અલ્લાહ.

સૌથી મોટી વાત એ છે કે, કિતાબમાં જે વઝીફાઓ છે તે કુર્આન શરીફ તથા હદીસ શરીફના પાક કલિમાત છે તેમજ અલ્લાહ તઆલાના નેક બંદાઓના વઝીફાઓ છે. એટલે કે ઈન્શા અલ્લાહ ફાયદો ચોક્કસ થવાનો જ.

ખૂબ જ મુબારકબાદી આવી મુબારક વસ્તુઓ છપાવી મફતમાં વહેંચી સવાબ પ્રાપ્ત કરવાના મુબારક કામ પર.

અલ્લાહ તઆલા કબૂલ ફરમાવે તથા વધુ તવફીક આપે, આમીન, યા રબ્બલ આલમીન.

(મવ.) મહમૂદ હાફેઝજી સા. (દા. બ.)

ડાભેલ,

૨૧ જાન્યુઆરી, ૨૦૧૦

(મવ.) યૂસુફ ટંકારવી સા. (દા. બ.)
ઉસ્તાદે હદીસ : દારુલ ઉલૂમ, ફલાહે દારૈન, તડકેશ્વર

નહમદૂહુ વ નુસલ્લી અલા રસૂલિહિલ કરીમ....

અમ્મા બા'દ,

''તોહફએ દુન્યા વ આખિરત'' તથા ''આખિરતનો તોહફો'' નામી બંનેવ કિતાબો દારુલ ઉલૂમ અરબિય્યહ ઈસ્લામિય્યહ ભરૂચ, મુ. પો. કંથારીઆના પ્રકાશનો પૈકી ઘણા કિમતી અને લાભદાયક પ્રકાશનો છે, જેમાં મહાન ફઝીલતવાળા કલિમાત, દુરૂદ શરીફ અને મોકા મોકા પઢવામાં આવતી દુઆઓ ઘણી સારી તરતીબથી લખવામાં આવી છે. દુઆઓ વગેરે પહેલાં અરબી ભાષામાં લખી ઝેર, ઝબર લગાવી દીધાં છે. વળી, સાથે સાથે તેના ઉચ્ચાર ગુજરાતીમાં આપી દીધા છે, ને તરજુમો લખી દીધો છે. વળી, હવાલાઓ પણ આપી દીધા છે, જેનાથી કિતાબ ઘણી વજનદાર થઈ ગઈ છે, જેથી હવે આ કલિમાત અને દુરૂદ શરીફ પઢનાર તેમજ દુઆઓ કરનાર અર્થ સમજીને પઢશે ને દુઆઓ કરશે તો તેમાં રૂહ પેદા થશે અને દિલ લાગશે, જેની અત્યંત જરૂરત છે.

આવી કિતાબો જે ઉમ્મતના હર ફર્દ–વ્યકિત માટે લાભકારક હોય ઘરઘર મવજૂદ હોવી જરૂરી છે તથા મહેનત કરી હર ઘર સુધી પહોંચાડવી એ ઉમ્મતની અહમ ખિદમત છે.

આપણા દારુલ ઉલૂમ–કંથારીઆને અલ્લાહ તઆલાએ

મિલ્લતે ઈસ્લામિય્યહની આ પ્રકારની નેક ખિદમતના જઝબાતથી નવાઝેલ છે. જેણે આવી મુફીદ કિતાબો ઉમ્મતના ઘરે ઘર પહોંચાડવા માટે પ્રકાશન અને પ્રસારણનો અલગ વિભાગ હાથ ધર્યો છે. અલ્લાહ તઆલા એની આ ખિદમતોને કબૂલ ફરમાવી પૂરી ઉમ્મત તરફથી જઝાએ ખૈર અતા ફરમાવે તથા વધુ ને વધુ ખિદમતો માટે કબૂલ ફરમાવે ને ઉમ્મતને આવી બરકતવંત કિતાબોથી ફાયદો ઉઠાવવાની નેક તવફીક અતા ફરમાવે, આમીન, યા રબ્બલ આલમીન !

ફકત વસ્સલામ,

લિ. (મવ.) યૂસુફ ટંકારવી સા. (દા. બ.)

ઉસ્તાદે હદીસ : દારુલ ઉલૂમ ફલાહે દારૈન,

તડકેશ્વર, ગુજરાત

નમ્ર વિનંતી

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

નહ્મદુહૂ વ નુસલ્લી અલા રસૂલિહિલ કરીમ..........

પવિત્ર અહાદીસમાં અમુક આ'માલ એવાં જોવા મળ્યાં, જે દેખાવમાં અત્યંત મુખ્તસર અને હલકાં–ફુલકાં જણાયાં, પરંતુ એમના આચરણ (અમલ) પર સવાબ બહુ જ પુષ્કળ બયાન થયો છે, જે અલ્લાહ તઆલાની કરીમ ઝાતનો માત્ર ફઝલો કરમ છે અને તેની અપાર બખ્શિશ છે, જે અમ ફકીરો માટે એની અસીમ રહમત છે. આ કિતાબમાં તે આ'માલને એકત્રિત અને સંગૃહીત કરાયાં છે, જેથી તે મહાન સવાબ પ્રાપ્ત થઇ શકે; પરંતુ યાદ રહે કે દીન કેવળ એ આ'માલ પર જ અવલંબિત નથી; બલકે દરેક મુસલમાનના શિરે ફર્ઝ છે કે તે તમામ પ્રકારના હક્કો અને ફરાઇઝને અદા કરે તથા તમામ પ્રકારના ગુનાહોથી બચવાની ભરપૂર કોશિશ પણ કરે.

કિતાબમાં વર્ણવાયેલા અમુક આ'માલને અમલમાં મૂકવા પર ગુનાહોની બખ્શિશનો વાયદો કરાયો છે, એના વિશે આ વાત ખાસ લક્ષમાં રહે કે એમાં માફીથી ગુનાહે સગીરહની માફી મુરાદ છે, કારણ કે ગુનાહે કબીરહ તૌબા વગર માફ થતાં નથી, જેથી કોઇને આ ગેરસમજ થવા ન પામે કે તે ગમે તે પ્રકારનાં ચાહે તેટલા ગુનાહ કરતો રહે, છતાં તૌબા વગર એ આસાન આ'માલ દ્વારા માફી થતી રહેશે.

તદુપરાંત, કોઇ સજ્જન એવા ધોકામાં પણ ન રહે કે જ્યારે અમે મોટા નેક કામોથી મહરૂમ છીએ તો આવા આસાન અને મુખ્તસર આ'માલ કરવાથી શું ફાયદો થવાનો છે ? અથવા જ્યારે અમે મોટા મોટા નેક કામ કરી રહ્યા છીએ તો પછી આવા (નાના નાના) આ'માલ કરવાની શી જરૂર છે ? આ બેઉ ખ્યાલ શયતાની ફરેબ છે, કારણ કે મારા મહબૂબ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) જેમના પર મારા માં–બાપ કુરબાન થાય, ઇરશાદ છે :

''નેકીની કોઈ વાતને કદાપિ હકીર (ગૌણ) ન સમજો !''

કારણ કે શકય છે કે આ જ નેકી કબૂલ થઇ જાય અને એની જ બરકતથી આપણી બાકી રહેલી ઝિંદગી પણ દુરુસ્ત થઇ જાય.... જેથી આ સમતોલ જઝબા કે વલણથી આ કિતાબનું વાંચન કરી અમલ કરો. (''આસાન નેકિયાં''નો સારાંશ)

(નોંધ: તમામ દુઆઓ દિલપૂર્વક અને યકીન સાથે પઢવી જોઈએ. ઈન્શાઅલ્લાહ અવશ્ય ફાયદો થશે.

વમા તવફીકી ઈલ્લા બિલ્લાહ, વલા હવ્લ વલા કુવ્વ–ત ઈલ્લા બિલ્લાહ...

સંપાદકની વિનંતી

હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહુ તઆલા અન્હૂથી રિવાયત છે કે, હુઝૂરે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવે છે કે, જે કોઈ મારા પર કોઈ કિતાબમાં દુરૂદ લખે તો જ્યાં સુધી એ કિતાબમાં મારું નામ રહેશે ત્યાં સુધી એ લખનારને સવાબ મળતો રહેશે.

અને હઝરત અબૂ હુરયરહ રદિયલ્લાહુ તઆલા અન્હૂની રિવાયતમાં છે કે, લખનાર પર ફરિશ્તા દુરૂદ મોકલતા રહેશે. વળી, એક રિવાયતમાં એવો ઉલ્લેખ છે કે, લખનાર માટે ઈસ્તિગફાર કરતા રહે છે.

('ફઝાઈલે દુરૂદ શરીફ''માંથી)

તો દુરૂદ શરીફની ઈશાઅત એટલે કે એના પ્રચાર–પ્રસાર કે ફેલાવામાં શકય એટલી કોશિશ કરવી. દુરૂદ શરીફ છપાવી પ્રગટ કરવાથી એની તબ્લીગ થશે–લોકો સુધી પહોંચશે અને જેટલા લોકો એને પઢશે, ઈન્શા અલ્લાહ બારગાહે રહમતુલ લિલ્ આલમીન સલ્લલ્લાહુ અલયહિ વ આલિહી વ અસ્હાબિહી વ સલ્લમ- માં કુબૂલિય્યત થવા સાથે આ કામ સદ્‌ક–એ–જારિયહ લેખાશે. વળી, છપાવી પ્રગટ કરનારને કલામ પઢનારાઓ જેટલો સવાબ મળતો રહેશે.

તે લોકોની મિસાલ કે જેઓ પોતાનો માલ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરે છે, એક તે દાણા સમાન છે, જેમાંથી સાત કંટીઓ ઉગે છે કે જેની દરેક કંટીમાં સો (૧૦૦) દાણા હોય છે અને અલ્લાહ જેના માટે ચાહે છે બમણા કે સો (૧૦૦) ગણા કરી દે છે અને અલ્લાહ સર્વ વ્યાપી અને સર્વજ્ઞ છે. (સૂરએ બકરહ, આયત નં. ૨૬૧)

અંતમાં દુઆ છે :

અલ્લાહ રબ્બુલ ઈઝઝત આપણને સીરતે પાક સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનાં વાંચન, અભ્યાસ અને તેની ઉપર અમલ કરવાની તૌફીક અતા ફરમાવે અને હૌઝે કવષર પર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની લિકા (દીદાર અને મુલાકાત) જેવી અઝીમ નેઅમત આપણા માટે મુકદ્દર ફરમાવી છે. આમીન, યા રબ્બલ આલમીન !

જરૂરી નિવેદન તથા અપીલ

ભાઈઓ ! આ કિતાબ **''આખિરતનો તોહફો''** **(પ્રકાશન નં. ૫૦૦)** તથા **''તોહફ-એ-દુન્યા વ આખિરત-ભાગ-૧ (પ્રકાશન નં. ૨૭૮)** તથા **''તોહફ-એ-દુન્યા વ આખિરત-ભાગ-૨ (પ્રકાશન નં. ૪૪૮)''** ગુજરાતીમાં પોતાના, પોતાની ફેમિલીના તથા પોતાના મર્હૂમોના સવાબ અર્થે છપાવવી હોય તો દારુલ ઉલૂમ અરબિય્યહ ઈસ્લામિય્યહ ભરૂચ–કંથારીઆનો સીધો કોન્ટેકટ કરવા ગુઝારિશ.

મારા ભાઈઓ ! આ ક્ષણભંગુર દુનિયા ત્યાગી દેવાય તે પહેલાં, માલ સંગ્રહનો હિસાબ–કિતાબ પૂછાય તે પહેલાં, માલ ગેર (અવળે) રસ્તે ઊપડી જાય તે પહેલાં કંઈક માલ–મત્તા અલ્લાહ તઆલાના માર્ગે ખરચ કરો. અલ્લાહ તઆલા સાથે પણ વેપાર કરતાં જાઓ અને એ માટે સૌથી સરસ અને સારો માર્ગ ઈલ્મે દીન અને દીની કિતાબોના પ્રચારમાં નાણાં (પૈસા) ખરચ કરવા તે છે. એ જ ''સદકએ જારિયહ'' અને ''બાકી રહેનાર નેકીઓ'' છે, જે મરણ પછી પણ કામ લાગનાર છે. મૃત્યુ પછી પોતાનું નામ–એ–આ'માલ ચાલુ રહે તેનો આ ઘણો જ સારો અને બેહતરીન રસ્તો છે.

ઉમ્મતના માલદાર મુસલમાન મર્દો તથા અવરતોને ખાસ વિનંતી છે કે દીની સાહિત્ય (કિતાબો)ના પ્રચાર–પ્રસાર માટે ઉપયોગી પ્રકાશનો પ્રગટ કરવાના તથા છપાવવાના આ નેક કાર્યમાં દરેક પ્રકારે અમલી સાથ–સહકાર આપી સવાબે દારૈન હાસિલ કરો.

વધુ વિગત માટે દારુલ ઉલૂમના "પ્રકાશન વિભાગ"નો સંપર્ક કરવા વિનંતી.

(મૌલાના) હસન ભડકોદ્રવી (સા.)
(ભારતમાંથી) ☎ **02642-257086**
(પરદેશમાંથી) ☎ **011-91-2642-257086**

પ્રકાશન વિભાગ :
દારુલ ઉલૂમ અરબિય્યહ ઈસ્લામિય્યહ ભરૂચ,
મહમૂદનગર, મુ. પો. કંથારીઆ–૩૯૨ ૦૧૫,
તા. જિ. ભરૂચ (ગુજરાત–ઈન્ડિયા)

દીની સાહિત્ય........

—ના પ્રચાર અને પ્રસાર માટે ઉપયોગી પ્રકાશનો પ્રગટ કરવાના નેક કાર્યમાં હરેક પ્રકારે અમલી સાથ—સહકાર આપી સવાબે દારૈન, સઆદતે દારૈન અને ફલાહે દારૈન હાસિલ કરવા નમ્ર વિનંતી.

વધુ વિગત માટે દારુલ ઉલૂમના ''પ્રકાશન વિભાગ''નો સંપર્ક સાધવા વિનંતી.

જરૂરી સૂચના

દારુલ ઉલૂમના ''પ્રકાશન વિભાગ''નો એક માત્ર હેતુ દીની સાહિત્યનો પ્રચાર—પ્રસાર છે, જેથી દારુલ ઉલૂમના ''પ્રકાશનો કોઈ પણ પ્રકારના ફેરફાર કે કાપકૂપ વિના છપાવવાની આમ ઈજાઝત છે. અલબત્ત, જરૂરી અથવા ફાયદાકારક સુધારા—વધારા માટે દારુલ ઉલૂમના ''પ્રકાશન વિભાગ''થી રજા મેળવવી જરૂરી રહેશે.

દુરૂદે ઈબ્રાહીમ

اَللّٰھُمَّ صَلِّ عَلٰی مُحَمَّدٍ وَّعَلٰٓی اٰلِ
مُحَمَّدٍ کَمَا صَلَّیْتَ عَلٰٓی اِبْرَاھِیْمَ
وَعَلٰٓی اٰلِ اِبْرَاھِیْمَ اِنَّکَ حَمِیْدٌ
مَّجِیْدٌ ط اَللّٰھُمَّ بَارِکْ عَلٰی مُحَمَّدٍ
وَّعَلٰٓی اٰلِ مُحَمَّدٍ کَمَا بَارَکْتَ عَلٰٓی
اِبْرَاھِیْمَ وَعَلٰٓی اٰلِ اِبْرَاھِیْمَ
اِنَّکَ حَمِیْدٌ مَّجِیْدٌ ط

يَا حَيُّ يَا قَيُّوْمُ لَآ اِلٰهَ اِلَّا اَنْتَ ط

اَللّٰھُمَّ صَلِّ عَلٰی مُحَمَّدٍ وَّعَلٰی آلِهٖ وَسَلِّمْ ط

(نزہۃ المجالس)

اَللّٰھُمَّ رَبَّ هٰذِهِ الدَّعْوَةِ الْقَائِمَةِ وَالصَّلٰوةِ النَّافِعَةِ صَلِّ عَلٰی مُحَمَّدٍ وَّارْضَ عَنِّیْ رِضًا لَا تَسْخَطُ بَعْدَهٗ اَبَدًا ط (مسند احمد)

اَللّٰھُمَّ صَلِّ عَلٰی سَيِّدِنَا مُحَمَّدٍ كُلَّمَا ذَكَرَهُ الذَّاكِرُوْنَ، وَكُلَّمَا غَفَلَ عَنْ ذِكْرِهِ الْغَافِلُوْنَ ط

اَللّٰھُمَّ صَلِّ عَلٰی مُحَمَّدٍ
کَمَا تُحِبُّ وَتَرْضٰی لَہٗ ط
(ذریعۃ الوصول)

اَللّٰھُمَّ صَلِّ عَلٰی مُحَمَّدٍ وَّعَلٰٓی اٰلِ
مُحَمَّدٍ وَّاَنْزِلْہُ الْمَقْعَدَ الْمُقَرَّبَ
عِنْدَکَ یَوْمَ الْقِیٰمَۃِ ط (طبرانی)

اَللّٰھُمَّ رَبَّ مُحَمَّدٍ صَلِّ عَلٰی مُحَمَّدٍ
وَّعَلٰٓی اٰلِ مُحَمَّدٍ وَّاجْزِ مُحَمَّدًا
صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ مَا ھُوَ اَھْلُہٗ ط

صَلَّی اللّٰہُ عَلٰی مُحَمَّدٍ وَّجَزَاہُ
عَنَّا مَا ھُوَ اَھْلُہٗ ط

اَللّٰھُمَّ صَلِّ عَلٰی سَیِّدِنَا مُحَمَّدٍ وَّعَلٰٓی اٰلِ
سَیِّدِنَا مُحَمَّدٍ کُلَّمَا ذَکَرَہُ الذَّاکِرُوْنَ
وَکُلَّمَا سَھٰی عَنْہُ الْغَافِلُوْنَ ط

اَللّٰھُمَّ لَکَ الْحَمْدُ کَمَا اَنْتَ اَھْلُہٗ، فَصَلِّ عَلٰی
مُحَمَّدٍ کَمَا اَنْتَ اَھْلُہٗ، وَافْعَلْ بِنَا مَا اَنْتَ
اَھْلُہٗ، فَاِنَّکَ اَھْلُ التَّقْوٰی وَاَھْلُ الْمَغْفِرَةِ ط

اَللّٰھُمَّ صَلِّ عَلٰی مُحَمَّدٍ عَبْدِکَ
وَعَلٰٓی اٰلِ مُحَمَّدٍ وَّبَارِکْ وَسَلِّمْ ط

اَللّٰھُمَّ صَلِّ عَلٰی مُحَمَّدٍ وَّعَلٰٓی اٰلِہٖ
صَلٰوۃً اَنْتَ لَھَا اَھْلٌ وَّھُوَلَھَا اَھْلٌ ط

اَللّٰھُمَّ صَلِّ عَلٰی سَیِّدِنَا مُحَمَّدٍ عَدَدَ
مَنْ صَلّٰی عَلَیْہِ، اَللّٰھُمَّ صَلِّ عَلٰی سَیِّدِنَا
مُحَمَّدٍ عَدَدَ مَنْ لَّمْ یُصَلِّ عَلَیْہِ،
اَللّٰھُمَّ صَلِّ عَلٰی سَیِّدِنَا مُحَمَّدٍ کَمَا
تَنْبَغِیْ اَنْ یُّصَلّٰی عَلَیْہِ ط


visit
online
www. aakhiratkatohfa.com
આખિરતનો ખઝાનો
સવાબનો મહાસાગર
આખિરતનો ખઝાનો
સવાબનો મહાસાગર
દુઆઓનો અણમોલ ખઝાનો
માંગતા જા, લેતા જા
દુઆઓનો અણમોલ ખઝાનો
માંગતા જા, લેતા જા
To order these books please contact :
DARUL ULOOM KANTHARIA, AT & PO. MAHMOOD NAGAR
KANTHARIA, BHARUCH, (GUJ.) INDIA PIN : 392 015,
TEL : 02642-257086, FAX : 02642-257480